Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

# હરિભાવ

HARIBHAV (Gujarati Monthly) (Ahmedabad)

Vol. No. 27, Issue No. 10    10th July, 2023    Annual Subscription Rs. 50=00

વર્ષ : ૨૭, અંક : ૧૦    ૧૦મી જૂલાઈ, ૨૦૨૩    વાર્ષિક લવાજમ રૂ. ૫૦=૦૦

## ગુરુપૂર્ણિમા



મળેલાં જો છીએ નિજ જીવનનો
ખ્યાલ કરજો
મળેલાં જો છીએ સ્મરણ કરી કરી
દિલ જીવજો
મળેલાં જો છીએ અવરજનનું
સુખ પ્રીછજો
મળેલાં જો છીએ જીવન જીવવા
ટેક ધરજો
મળેલાં જો છીએ વિપદ દુઃખમાં
યાદ કરીને-
-હદેમાં મોટાને સ્મરણ કરીને
ઊંડું ભજજો
મળેલાં જો છીએ જીવન જીવવા
પ્રેમ ધરજો
મળેલાં જો છીએ રસબસ થવા
એક બનજો

- તમારા મોટાનાં વહાલ

*'કેન્સરની સામે', બી. આ., ટા., પેજ ૩*





પૂજ્ય શ્રીમોટા સાથે ગણેશપુરીના સ્વામી મુક્તાનંદજીનું
હરિઃૐ આશ્રમ, નડિયાદમાં મિલન

સૌજન્ય :
તેજસભાઈ દવે, મુ. માણસા.

'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર

# હરિભાવ

સંપાદક : સુરેશચંદ્ર વોરા
સહાયક : વિવેક દેસાઈ

પ્રકાશન સ્થળ :
બી/૫, સ્વસ્તિક ઍપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

વર્ષ : ૨૭ | અંક : ૧૦ | જુલાઈ, ૨૦૨૩

**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી વિવેક દેસાઈ, શ્રી બીરેન પટેલ
શ્રી સુરેશચંદ્ર વોરા
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૬૦૦/- (ઍરમેઈલથી)
એકથી દસ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા**
'હરિવાણી ટ્રસ્ટ', C/o. સુરેશચંદ્ર વોરા
ડી-૫૦૧, પરિમલ એક્ઝોટિકા,
નવયુગ સ્કૂલ સામે, મોહનનગર વિસ્તાર,
નરોડા, અમદાવાદ-૩૮૨૩૩૦,
Mo. / SMS / Whatsapp - 9427554391
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની
કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો.

ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : 'હરિવાણી ટ્રસ્ટ'
યુકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ-૩૮૦૦૦૭
બચત ખાતા નં.: ૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮
**IFS Code : UCBA0001687**
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઇટ
**www.hariommota.org** ઉપર
'હરિભાવ' ઉપલબ્ધ હોય છે.
Email : hariommota1@gmail.com
મોબાઈલ : ૯૭૨૭૭ ૩૩૪૦૦
* Subject to Ahmedabad Jurisdiction

મુદ્રણશુદ્ધિ : અંબિકા હરેશ પંડ્યા

ટાઈપ સેટિંગ : અર્થ કૉમ્પ્યૂટર, મો.: ૯૩૨૭૦૩૬૪૧૪

ટાઈટલ : મયૂર જાની, મો. ૯૪૨૮૪૦૪૪૪૩

**અનુક્રમ**

| ક્રમ | વિગત | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | પદ્યપ્રસાદી ................................ શ્રીમોટા | ૪ |
| ૨. | નમ્રતા તો આત્માનો એક ગુણ ગણાય ...... શ્રીમોટા | ૫ |
| ૩. | નાદવિજ્ઞાન ................ શ્રી સ્વામી મુક્તાનંદજી | ૬ |
| ૪. | અનંત સુખ માટે કોઈ પ્રયત્ન કરતું નથી ..... શ્રીમોટા | ૮ |
| ૫. | પૂજ્ય શ્રીમોટાના પ્રસંગો .. શ્રી રજનીભાઈ બર્માવાળા | ૯ |
| ૬. | દિલીપકુમાર રૉય (દાદાજી)ના અંતિમ દિવસો ....................... લેખક : દાદાજીનો ભક્ત | ૧૧ |
| | .................... અનુવાદક : પ્રા. મકરંદ બ્રહ્મા | |
| ૭. | ઉચ્ચાત્માઓ જીવનને આકર્ષે છે .............. શ્રીમોટા | ૧૬ |
| ૮. | જીવનદાતા 'મા' ............. શ્રી જવાહર કે. પટેલ | ૧૭ |
| ૯. | પૂજ્ય શ્રીમોટાના ૧૨૫મા અવતરણ વર્ષ નિમિત્તે-૯ ............................... શ્રી નીતિન રામી | ૨૧ |
| ૧૦. | 'જીવન'ને લીધે શરીર છે .................. શ્રીમોટા | ૨૩ |
| ૧૧. | દેહત્યાગ પૂર્વેનો અક્ષરદેહ ................. શ્રીમોટા | ૨૫ |

**જ્ઞાનદાન**

**સુરતનિવાસી પૂજ્ય શ્રીમોટાના સ્વજન શ્રી જવાહરભાઈ કે. પટેલ તરફથી આ અંકના પ્રકાશન માટે સહયોગ અપાયો છે. હરિવાણી ટ્રસ્ટ તેઓશ્રીનો ઘણો ઘણો આભાર માને છે.**

**- સંપાદક**

## (૧) પદ્યપ્રસાદી

હું માગ્યું લેવા પટકું રે, શિર પાદે કેશવ !
દિલ દાઝ બાળની ધારી રે, ઉર લેની કેશવ ! હું માગ્યું૦

મુજ માગ્યું મળે ન તેથી કરું ધમપછાડા કેશવ !
અને પદમાં તારે પટકું રે, શિર કેવું, કેશવ ! હું માગ્યું૦

બાળકમાં એવું મળે ના, બીજું કંઈ જોર ! કેશવ !
રડી હું તો એકલું જાણું રે, પાદ તારે કેશવ ! હું માગ્યું૦

તેથી ગ્રહીને ચરણો વીનવી કહું કે કેશવ !
તુજ ચરણનું સુખ તું મુજને રે આપી દે, કેશવ ! હું માગ્યું૦

વળી લાડથી કેવો લાડું તુજને છોરું હું કેશવ !
બહુ તો લળીને તુજને રે, કહી શકું હું કેશવ ! હું માગ્યું૦

એ વિના અવર નવ કાંઈ, મને આવડે છે કેશવ !
તુજ પર હક દાવો મારો રે, ચાલે કૈં ના કેશવ ! હું માગ્યું૦

અજમાવી એકેએક મેં જોઈ છે રીત, કેશવ !
પણ ફાવ્યો ના કોઈ રીતે રે, બાળ તારો કેશવ ! હું માગ્યું૦

તેથી સઘળું તુજ હાથે, સોંપ્યું છે મેં તો, કેશવ !
દિલ દાઝ બાળની ધારી રે, ઉર લેની કેશવ ! હું માગ્યું૦

●●●

તુજ કરુણા વરસી રહી શી રે, સઘળે જગમાં કેશવ !
જે ચાહે, નાહી શકે તે રે, સર્વ એમાં કેશવ ! તુજ૦

અન્યત્ર હતું મન મારું તેથી દીઠું નહિ કેશવ !
સાંભળ્યું નહોતું તેથી રે, મેં કંઈ જરી કેશવ ! તુજ૦

સંભળાય ને દેખાયે સઘળું જ મનથી કેશવ !
હવે એ શકું છું જોઈ રે, તવ કૃપાથી કેશવ ! તુજ૦

સંકલ્પ, કામ, શંકા, શ્રદ્ધા, અશ્રદ્ધા કેશવ !
ધૃતિ, અધૃતિ, લજ્જા રે, બુદ્ધિ ને ભય કેશવ ! તુજ૦

**અનુસંધાન પેજ નં. ૫૨ ૨૬**

## (૨) નમ્રતા તો આત્માનો એક ગુણ ગણાય

**શ્રીમોટા**

માનવીમાત્રમાં- માનવી શું જીવમાત્રમાં- ચેતનતત્ત્વ ભરેલું પડ્યું છે. એ જ એને આગળ ધકેલ્યા કરે છે, પરંતુ તે તેના પડેલા પટની દિશામાં તેને ધકેલ્યા કરે છે. તેના જીવનનો પડેલો પટ હોય છે, તે રીતમાં તેને ગતિ મળે છે. એટલે કે પ્રકૃતિમાં તેનો વિકાસ થયા કરે છે. ચેતનમાં નહિ. તે ચેતનતત્ત્વ પ્રત્યેકના જીવનનો જે પ્રકૃતિનો પટ પડેલો હોય છે, તેની દ્વારા તે વ્યક્ત થાય છે.

આપણામાં જો ચેતનને આપણે વ્યક્ત કરવું હોય તો પ્રકૃતિવશ અથવા તો પ્રકૃતિના પ્રભાવયુક્ત કે પ્રેરણાયુક્ત જે પટ આપણામાં પડેલો છે, તે પટને આપણે જો ચેતનાભિમુખ કરી શકીએ, તો ચેતનામાં આપણો વિકાસ થઈ શકે.

આધ્યાત્મિક જીવન જેને જીવવું છે, તેવાના જીવનમાં પોતાના કર્મવ્યવહાર પરત્વે પ્રામાણિકતા, વફાદારી, નેકદિલ, શુધ્ધ દાનત, સચ્ચાઈ, સરળતા, આરપારદર્શકપણું વગેરે ગુણો પ્રકટતા રહેવા ઘટે છે. આપણને પ્રભુકૃપાથી મળેલું કર્મ પ્રભુપ્રીત્યર્થે સહજ પણ ઉત્તમમાં ઉત્તમ રીતે થયાં જાય એવી સહજ કળા આપણા જીવનમાં પ્રગટી જવી ઘટે છે. **કર્મ એ યજ્ઞ છે.** એવા યજ્ઞની જ્ઞાનભક્તિપૂર્વકની ભાવના, કર્મના હાર્દમાં જ્વલંતપણે પ્રકટ્યા વિના કદી પણ સાકાર બની શકતી નથી. સાધનના અભ્યાસની સાથે સાથે આ બધું કરવાની ઘણી ઘણી જરૂર રહે છે.

સાધકની ઊંઘ જડસુ ન હોવી ઘટે. આવો જેને જ્ઞાનપૂર્વક અભ્યાસ રહે છે, તેનામાંથી દ્વંદ્વાદિ મોળા પડતા જાય છે. તેનું અહમ્ આપમેળે પીગળે છે ને નમ્રતાનો સહજ ગુણ તે પછી તેનામાં છતો થઈને પ્રવર્તતો અનુભવાય છે.

નમ્રતા એક રીતે તો કેળવી કેળવાઈ શકાતી નથી, કારણ કે નમ્રતા તો સહજપણાની સ્થિતિમાંથી પ્રકટે છે. તેમ છતાં હાલ આપણે અકુદરતી જીવન જીવીએ છીએ ને તેમાંથી કુદરતી જીવન જીવવાના નિર્ણય પર જો પ્રકટી શકવાના હોઈએ તો તે કાજે જેમ સાધનાની જરૂરિયાત ઊભી થાય છે તેમ નમ્રતાને પણ સાચા સાધકે પોતાના વર્તનમાં જ્ઞાનપૂર્વક પ્રકટાવવાની એટલી જ આવશ્યકતા રહે છે.

એવી નમ્રતામાંથી તો તેજસ્વિતા, શૌર્ય, પરાક્રમ, બળ, હિંમત, સાહસ આદિ ગુણો પ્રકટતા હોય છે. નમ્રતા એટલે કાયરપણું મુદ્દલે નહિ. નમ્રતા એટલે કંઈ કશામાંથી ભાગવાપણું પણ નહિ. નમ્રતા એટલે આચારવિચારના નિયમોનું શુષ્કપાલન અને ઘરેડ પ્રકારના માન-આદર આપવાની નીતિ-રીતિ પણ નહિ એ બધું જરૂરનું છે ખરું પણ તે નમ્રતાનું સ્વરૂપ નથી.

**નમ્રતા તો આત્માનો એક ગુણ ગણાય.** આત્માના છતા થવાપણામાં જે ગુણોની આવશ્યકતા છે એવા ગુણોને હાલના આપણા જિવાતા જીવનમાં આપણે જ્ઞાનભક્તિપૂર્વક છતા કરવાનાં રહે છે. એવું જિવાતું જીવન એ સાચે જ ખરેખરો યજ્ઞ અને ઉત્તમ પ્રકારની સેવા છે.

આ કાગળનું પૂરેપૂરું મનનચિંત્વન કરજો.

'જીવન સંશોધન', પ્ર. આ., પૃ. ૧૨૬ ❑

## (૩) નાદવિજ્ઞાન

**શ્રી સ્વામી મુક્તાનંદજી**

મંત્રનું વિજ્ઞાન ઘણું મહાન છે કારણ કે મંત્ર નિરાકાર બ્રહ્મ (ચૈતન્ય) સુધી આપણને પહોંચાડનારી સીડી છે. મંત્રશાસ્ત્ર અનુસાર મનુષ્યમાં વાણી ચાર સ્તરે પ્રકટ થાય છે. મોટાભાગના લોકો 'વૈખરી વાણી'ને સ્થૂળ શરીર સાથે જ સાંકળે છે. વાસ્તવમાં જીભ પોતે વાણી ઉચ્ચારતી નથી; સ્થૂળ વાણી 'મધ્યમા' દ્વારા સૂક્ષ્મ શરીરમાં ઉદ્ભવે છે. એનો અનુભવ કંઠમાં થાય છે. આ સૂક્ષ્મ શરીર ઉપરાંત બીજું એક સ્તર છે - કારણ શરીર જ્યાં પશ્યન્તી વાણી છે અને તેનો અનુભવ હૃદયમાં થાય છે. પરંતુ નાદ ઉત્પત્તિનું સ્થાન તો આનાથી પણ હજુ વધુ ઊંડું વાણીના સર્વશ્રેષ્ઠ સ્તરે છે જેનો અનુભવ નાભિ વિસ્તારમાં થાય છે અને તેને પરાવાણી કહે છે.

હવે જોઈએ કે શબ્દ કેવી રીતે ઉત્પન્ન થાય છે. તે શબ્દો જ્યારે જીભને ટેરવે પહોંચે છે ત્યાં સુધીમાં તો તેણે સ્થૂળ સ્વરૂપ પકડી લીધું હોય છે. છતાં તે જીભ ઉપર પહોંચે તે દરમિયાન શબ્દો વાણીનાં બધા સ્તરોમાંથી પસાર થઈ ચૂકેલા હોય છે. વાણીનું સૂક્ષ્માતિસૂક્ષ્મ સ્તર છે પરાવાણી. દ્વૈત કે અદ્વૈત રહિત શુદ્ધ અને અવ્યક્ત નાદરૂપ વાણીનું આ સ્તર છે. પરાવાણી ખરેખર તો સર્વવ્યાપી છે. પરાવાણી એવો સૂક્ષ્મ સ્પંદ છે જેમાંથી સકળ વિશ્વ અને તેનાં સાકાર સ્વરૂપો ઉદ્ભવ્યાં છે. અહીં બધા નાદ (ધ્વનિ), બધા શબ્દો, બધી ભાષાઓ શુદ્ધ ચૈતન્યમાંથી ઉદ્ગમ પામે છે. જેમ મોરના ઈંડામાં મોરપીંછના બધા રંગો અપ્રગટ સ્વરૂપે રહેલા છે, તેવી રીતે બધા ઉચ્ચારો અને શબ્દો પરાવાણીમાં અભેદ સ્વરૂપે બીજ રૂપમાં રહેલા છે. અહીં જ્યારે નાદ ઉત્પન્ન થાય છે ત્યારે તે ત્રીજા સ્તરે પશ્યન્તીમાં જાય છે. આ સ્તરે 'માતૃકાશક્તિ'ના કાર્યને કારણે તે નિશ્ચિત સ્વરૂપ ધારણ કરવાની પ્રક્રિયા શરૂ કરે છે, પણ હજી તે પૂર્ણ ભેદ અવસ્થા પામતી નથી.

આ સ્તરેથી જ્યારે ધ્વનિ મધ્યમાના સ્તરે કંઠમાં પહોંચે છે ત્યારે તે પરિચયાત્મક સ્વરૂપ ધારણ કરે છે. આ તબક્કે શબ્દો આપણામાં ભેદની દુનિયા ઉપજાવે છે. અહીં શબ્દો પૂર્ણપણે રચાય છે, જોકે તે ઉચ્ચારણની સ્થિતિ પ્રાપ્ત કરતા નથી. છેવટે તે જીભ ઉપર વૈખરીના સ્તરે પહોંચે છે અને સાંભળી શકાય તેવા સ્પષ્ટ ઉચ્ચારવાળા બને છે.

**મંત્રનું અવતરણ**

મંત્રમાં વાણીના આ સ્થૂળ અને સૂક્ષ્મ સ્તરોને ભેદીને તથા આપણી ભેદદૃષ્ટિને ભૂંસી નાખી મૂળમાં પાછા જવાની શક્તિ છે. જ્યારે આપણે જપ કરીએ ત્યારે મંત્ર સ્થૂળમાંથી સૂક્ષ્મ સ્તરોમાં જાય છે અને અંતે જે શુદ્ધ ચૈતન્યમાંથી તે ઉત્પન્ન થયેલ છે તેમાં એટલે કે તેના ઉદ્ગમ સ્થાને પહોંચે છે.

શરૂ શરૂમાં આપણે જીભના સ્તરે જ મંત્ર

જપીએ છીએ. જીભના ટેરવા ઉપર સ્પંદિત થતા મંત્રને મન પર કેન્દ્રિત કરી મંત્રને સાંભળવાનો યત્ન કરીએ છીએ (આને ઉપાંશુ જપ કહે છે). વાણીના આ સ્તરે થોડા સમય મંત્ર જપ્યા પછી તે ઊંડે કંઠમાં મધ્યમાં સ્તરે ઊતરે છે. આ સ્તરે મંત્રનો એક જપ જીભ ઉપરના હજારો જપની બરાબર હોય છે.

કંઠમાંથી મંત્ર હૃદયમાં પશ્યન્તી સ્તરે ઊતરે છે જ્યાં તેનાં સ્પંદનો વધુ પ્રબળ હોય છે. અહીંનો એક મંત્રજાપ કંઠના હજારો જપની બરાબર હોય છે. જ્યારે મંત્રનો જાપ પશ્યન્તીના સ્તરે ચાલતો હોય ત્યારે આનંદના અગણિત તરંગો અનુભવાય છે અને આપણે અસાધારણ શક્તિઓ પ્રાપ્ત કરીએ છીએ; દૂર દૂરની વસ્તુઓ જોઈ અને સાંભળી શકીએ છીએ અને ભૂત અને ભવિષ્ય પણ જાણી શકીએ છીએ. હવે મંત્ર સતત ચાલુ જ રહે છે અને આપણે મસ્ત અવસ્થામાં રહીએ છીએ. અંતે મંત્ર હૃદયના સ્તરેથી નાભિપ્રદેશના સ્તરે ઊતરે છે, પરાવાણીમાં, જ્યાં તે આત્માના સંપર્કમાં આવે છે, આત્માને સ્પર્શે છે. ત્યારે આખું શરીર મંત્રથી પૂરિત થઈ જાય છે અને આપણે પરમ સત્યનો અનુભવ કરીએ છીએ.

એકવાર મંત્રની ગૂઢ શક્તિનો પરિચય થાય, મંત્ર આત્માને સ્પર્શી જાય કે તે વ્યક્તિના શબ્દોમાં આત્માની શક્તિ પૂરાય છે અને તેના શબ્દો તેની અસરમાં નિષ્ફળ થતા નથી (અર્થાત્ તેને વચન-સિદ્ધિ પ્રાપ્ત થાય છે.) આથી જ સિદ્ધયોગીઓના મંત્ર અચૂક ફળ દેનાર નીવડે છે. જેણે પૂર્ણપણે મંત્ર સાધ્યો હોય તેને આત્માની બધી શક્તિ પ્રાપ્ત થાય છે. તેના મુખમાંથી નીકળેલો કોઈપણ શબ્દ પરાવાણીમાંથી ઉદ્ભવેલો હોય છે, જ્યાં પરાશક્તિ (પરમ ચૈતન્ય)નું સ્થાન છે. આ કારણે જ તેમણે ઉચ્ચારેલ દરેક શબ્દ મંત્ર હોય છે અને હંમેશા તેનું કાર્ય કરે જ છે.

**મહાન મુક્તિપદ મંત્ર**

સાધારણ રીતે સિદ્ધયોગમાં બે મંત્રો અપાય છે. એક છે, 'ૐ નમઃ શિવાય' અને બીજો છે, 'સોऽહમ્'. આ બંને મંત્રોનું લક્ષ્ય તો એક જ છે; માત્ર તેને જપવાની પદ્ધતિમાં ફરક છે. કેટલીક વખત 'ગુરુ ૐ' મંત્ર પણ આપવામાં આવે છે. 'ગુરુ' એ શબ્દનો અર્થ ભગવાન શિવ એવો થાય છે; જેઓ પરમગુરુ છે. તેથી 'ૐ નમઃ શિવાય' અને 'ગુરુ ૐ' આ બંને મંત્રનું લક્ષ્ય એક જ છે.

'ૐ નમઃ શિવાય' એક મહાન મુક્તિદાયક મંત્ર તરીકે અને પંચાક્ષરી મંત્ર તરીકે ઓળખાય છે.* તેનો ભાવ છે, 'હું શિવને નમું છું'. શિવ એ પરમ સત્ય છે. અંતરાત્મા છે. શિવ એ દરેકમાં રહેલું દિવ્ય ચૈતન્ય છે.

'તિમિરથી તેજની સફર', પૃ. ૮૭ ❑

* ૐ નમઃ શિવાય મંત્ર પંચાક્ષરી કહેવાય છે જો કે આપણે છ વર્ણોનો ઉચ્ચાર કરીએ છીએ. ૐ એ વર્ણ નથી પરંતુ બધાં વર્ણોનું બીજ છે.

# (૪) અનંત સુખ માટે કોઈ પ્રયત્ન કરતું નથી

શ્રીમોટા

પશુયોનિ, જળચરયોનિ, વનસ્પતિયોનિ એ બધામાં મનુષ્ય જીવન વિશેષ પ્રકારનું છે. મનુષ્ય જ વિકાસશીલ છે.

આપણા શરીરમાં જે ચેતન છે તેના કારણે આપણે સ્પર્શ કરી શકીએ, સૂંઘી શકીએ, સાંભળી શકીએ. વળી મન, બુદ્ધિ, ચિત્ત પાછળ પણ શક્તિ રહેલી છે. વિજ્ઞાનમાં ટેક્નિકલ શબ્દો હોય, તેમ અધ્યાત્મમાં એ શક્તિને પ્રકૃતિ કહી. પ્રકૃતિ એટલે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, આશા, ઈચ્છા, તૃષ્ણા, લોલુપતા વગેરે. ટૂંકમાં કહીએ તો દ્વંદ્વ અને ગુણ. એ આપણી પ્રકૃતિ કહેવાય.

જેમ તાપીમાતાનો પટ છે અને પાણીનો પ્રવાહ તેમાં જ વહ્યા કરે તેમ આપણી શક્તિ પ્રકૃતિના પટમાં જ વહ્યા કરે છે. આ તાપી નદી ઉપર કાકરાપારનો બંધ બાંધ્યો છે અને એમાંથી નહેર કાઢી છે. તેવી રીતે આ પ્રકૃતિમાં પણ બંધ બાંધીને ચેતનની શક્તિને બીજી દિશામાં લઈ જઈ શકીએ. પણ આપણને ગરજ જાગી નથી અને એટલે એકાગ્રતા પણ પ્રગટતી નથી. આપણામાં ચેતન Divine Enegry છે એ વાત તો સાચી છે. જેમ વિજ્ઞાનીઓ થઈ ગયા તેમ આપણા અધ્યાત્મ વિજ્ઞાનમાં પણ એવા પુરુષો થઈ ગયા છે. માત્ર આપણા દેશમાં નહિ, બીજા દેશોમાં પણ એવા પુરુષો થઈ ગયા છે.

સંસારમાં ઘણા પ્રકારના સંઘર્ષો, તાપ, સંતાપ, ક્લેશ, ત્રાસ, કષ્ટ વગેરે આવ્યા જ કરે છે. સુખ આવે છે ખરું પણ તે સુખ તો ટકતું જ નથી. અનંત કાળ સુધી સુખ ટક્યા કરે ત્યારે ખરું. પરંતુ તેવા **અનંત સુખ માટે કોઈ પ્રયત્ન કરતું નથી.** બહુ જ થોડા જેને Microscopic minority કહીએ એવા બહુ જ થોડા આ તરફ વળે છે.

વિજ્ઞાનના અનુભવો તો પ્રકૃતિના પ્રદેશના છે, એટલે સહેલાઈથી સમજાય છે. પણ આધ્યાત્મિક અનુભવો તો પ્રકૃતિથી ઉપરના પ્રદેશના છે. એટલે એકદમ સહેલાઈથી અનુભવી શકાતા નથી. જ્યાં સુધી ગરજ ન જાગે, ભૂખ ન જાગે, તાલાવેલી ન જાગે ત્યાં સુધી એવા અનુભવો ન થાય. આપણે એ બાબતમાં વિચાર જ કરતાં નથી. ખાવું, પીવું અને લહેર કરવી એમાં જ બધું સમાઈ જાય છે.

આપણો સમાજ એક એક વ્યક્તિનો બનેલો છે. એ સમાજમાં આપણે રહીએ છીએ. સમાજથી આપણે નોખાં નથી પણ એટલું પણ સમજે એવું કોઈ નથી. હું તો સમાજમાં ઘણું ઘણું ફર્યો છું. ભંગીના ઘરથી તે રાજાના ઘેર પણ મેં રોટલા ખાધા છે. સમાજ વ્યક્તિઓનો બનેલો છે. જેમ આપણું શરીર છે, તેને આંખ છે, કાન છે, નાક છે, પેટ છે, આંતરડાં છે,

**અનુસંધાન પેજ નં. ૨૦ પર**

## (૫) પૂજ્ય શ્રીમોટાના પ્રસંગો

**શ્રી રજનીભાઈ બર્માવાળા**

શ્રીમોટાનો એક પ્રસંગ મને કંઈક યાદ આવે છે.

**(૧) 'શ્રીમોટાના દર્શને નાગ'**

શ્રીમોટા સવારે જમતાં પહેલા નાહતા અને સાંજે પણ જમતાં પહેલા નાહતા. સાંજે ૬ વાગે જમતાં પહેલાં અને સવારે ૧૦-૦૦ વાગે જમતાં પહેલા નાહતા. એટલે સવારે ૯.૩૦ અને સાંજે ૫.૩૦ વાગે નાહતા અને સીધા જમવા માટે જતા.

એક દિવસ સાંજે શ્રીમોટા માટે નાહવાની તૈયારી કરતા હતા. બાથરૂમમાં એક નાનકડો રૂમ હતો. એમાં સ્નાન કરાવતા.

શ્રીમોટાને લાવતાં પહેલાં સ્નાનાગારમાં બાથરૂમમાં એક 'નાગ ભગવાન' દેખાયા. લગભગ પાંચ ફૂટ લાંબા હતા. અમે કાઢવા માટે પ્રયત્ન કર્યો. ખૂબ પ્રયત્ન કર્યો, પણ જાય નહિ. પછી શ્રીમોટાને લેવા ગયા, શ્રીમોટાને વ્હીલચેરમાં લાવ્યા. શ્રીમોટાએ નાગભગવાનને જોયા, શ્રીમોટા હાથ જોડી પગે લાગ્યા અને બોલ્યા કે, 'પ્રભુ અમારો નાહવાનો સમય થઈ ગયો છે, હવે પધારો.' તરત જ એ નાગ બાજુમાં જવાના રસ્તે નાળામાંથી નીકળી ગયો. મને પછી એવું લાગ્યું કે એને શ્રીમોટાના દર્શન કરવા હતા. એટલે એને પણ કંઈક નિમિત્ત હશે. એટલે દર્શન કરી તે નીકળી ગયો. અમે બહુ કોશિશ કરેલી કાઢવા માટે પણ બિલકુલ જાય નહિ પણ શ્રીમોટાએ બારણામાં પ્રવેશ કરતા પહેલા કહ્યું, એટલે પણ આખરે દર્શન કરીને જ ગયા.

**(૨) 'પાણી નહિ, પૈસા ઉભરાય છે'**

બીજો એક પ્રસંગ. શ્રીમોટા બીજાની બેદરકારી શ્રીમોટા બિલકુલ ચલાવી લેતા નહિ અને કેટલી નમ્રતાથી...

એ પણ નાહવાનો જ પ્રસંગ છે. તે પણ સાંજનો. લગભગ ચોતરા પર નાહવાની તૈયારી કરી, શ્રીમોટાને ખૂબ પાણી જોઈએ. ડોલ જ લેવી પડે. ડોલથી જ પાણી રેડવાનું. તે માટે એક મોટું તપેલું લેવું પડે અને નાતમાં રસોઈ માટેનું મોટું તપેલું હોય, તેવું પીતળનું તપેલું. તે તપેલું ભરવું પડે એટલે એમાં પેલી નળી મૂકી, નળ ચાલુ કરવો પડે. ચાલુ કરી, પેલો છોકરો કે સેવક તે આમતેમ બીજે ચાલી ગયો. અને એ ભૂલી ગયો પે'લું તપેલું જોવાનું. એ તપેલું પાણીથી ઊભરાતું. એ છોકરો જે હતો એનું નામ બાબર. શ્રીમોટાની નજર તપેલા પર પડી, પાણી ઊભરાય છે એટલે શ્રીમોટાએ એકદમ બૂમ પાડી, 'બાબરબાદશાહ... આ પાણી નથી ઊભરાતું, પૈસા ઊભરાય છે.' એવી ટકોર કરી. આમ બેદરકારી પ્રત્યે એકદમ શ્રીમોટા સજાગ રહેતા. આપણને એમ કે પાણી જ ઊભરાય છે ને, પણ એ તો શ્રીમોટા એટલું ઊંડું જોતા ત્યાં, પાણી આવે છે ને વીજળી વાપરવી પડે છે. એ વીજળીના પૈસા ખર્ચવા પડે. વીજળીનો ખર્ચ થાય. પાણીનો વેસ્ટ થાય એટલે વીજળી વધારે વાપરવી પડે. એ આટલી સૂક્ષ્મદૃષ્ટિ ધરાવતા શ્રીમોટા. એ નોંધ આજે પણ

મગજમાં છે.

**(૩) એક પ્રસંગ 'શ્રીમોટાની રમૂજવૃત્તિ છે'** એ પણ નાહવા સંબંધિત છે. શ્રીમોટામાં રમૂજવૃત્તિ હતી. ખૂબ હસાવતા. દ્વિઅર્થમાં પણ કંઈક કહી નાખે.

શ્રીમોટાને નવડાવવાનું હોય, તો શ્રીમોટાને આપણે એમ કહીએ કે, 'ચાલો, મોટા નવડાવી દઈએ' તો શ્રીમોટા આજુબાજુ કોઈ હોય તો કહે, 'જો, મારો બેટો, મને નવડાવવાની વાત કરે છે.' એમ કહીને હસતા કરી નાંખે. આપણે શરીરથી નવડાવવાની વાત કરીએ. પણ શ્રીમોટા આવું કહીને વાતાવરણ હળવું બનાવી દેતા.

**શ્રીમોટાનો એક પ્રસંગ**

શ્રી હાંસજીભાઈ ગોવિંદભાઈ પટેલ (હાલ સ્વર્ગસ્થ, ટેકરા ફળિયા, લવાછા તાલુકા ઓલપાડ જિલ્લો સુરતને સાયેટિકા મટાડેલો.

શ્રી હાંસજીભાઈ તે વખતે પરદેશ જતી સ્ટીમરોમાં સેલર ખલાસી તરીકે કામ કરતા હતા. તેઓને એક સફર દરમિયાન ચાલુ નોકરીએ સ્ટીમર પર આ સાયેટિકાનું દર્દ ઊપડ્યું હતું. જેમ તેમ કરી તેઓ તેમના ગામ લવાછા આવ્યા. બીજી બધી સારવાર કરી હશે કંઈ ખબર નથી યાદ નથી પણ કોઈકે એવું જણાવેલું કે તું કોઈ સંત પાસે જા એ તને મટાડી દેશે. તો તેમને થયેલું કે ઓહોહો આપણા ઘરના જ છે શ્રીમોટા. આપણા સંત છે ચાલો આપણે ત્યાં જઈએ. એટલે તેઓ આશ્રમે આવ્યા હતા અને ત્યારે શ્રીમોટા હાજર જ હતા. તેમણે પોતાની હાલતની શ્રીમોટાને વાત કરી.

શ્રીમોટા પાસે તો કેટલાય લોકો પોતાના રોગો અને દર્દો લઈને આવે તો શ્રીમોટા તો તેવાઓને ચોખ્ખું જ કહે ભાઈ દવા કરો. લોકો તો એવી જ આશાથી આવે કે શ્રીમોટા કંઈ આશીર્વાદ આપી દે કંઈ હાથ ફેરવી દે એટલે આપણો રોગ દર્દ મટી જશે પણ શ્રીમોટા તો કંઈ કાચા હતા કે એવા લોકોની દાળ ગળવા દે ? અને ખોટા વહેમ અને માન્યતાઓને ચાલવા દે.

પણ આ ભાઈ શ્રી હાંસજીભાઈની સાથે કંઈક નિમિત્ત હશે તેથી શ્રીમોટાએ કહ્યું કે ચાલ ભાઈ તને કંઈક કરી આપું. શ્રીમોટાએ એ વખતે સુરત આશ્રમના વરંડામાં જે પલંગ છે ત્યાં જ બિરાજેલા હતા. આ રજનીભાઈ પણ ત્યાં કાર્યાલયમાં જ હતા. શ્રીમોટાએ એવું કહ્યું કે થોડી છાણાની રાખની જરૂર પડશે. ગાયનાં છાણાંની રાખ કે ચાલુ કોઈ પણ છાણાંની રાખ તે હાલ યાદ નથી. પણ આ રજનીભાઈને એ ચોક્કસ યાદ છે કે શ્રી ઝીણાકાકા જહાંગીરપુરા ગામમાં જઈને મોટાભાગે શ્રી દલપતભાઈ પટેલને ત્યાંથી શ્રીમોટાએ મંગાવેલાં છાણાંની રાખ લઈ આવ્યા હતા. પછી શ્રીમોટા સ્વયં પલંગમાંથી ઊઠીને ખુરશીમાં બેઠા હતા અને પેલા ભાઈ હાંસજીભાઈને વરંડામાં એક પલંગ પડ્યો હતો તેના પર શરીરના ઉપરના ભાગનું પહેરણ કાઢીને ઊંધા સૂઈ જવા જણાવ્યું. પછી શ્રીમોટાએ પેલી રાખ જે આવી હતી એ પોતાના સ્વહસ્તે લઈને માથાથી તે છેક કમરના નીચેના ભાગ સુધી ચોળી આપી. રજનીભાઈ તો મોટા પાસે હાજર જ હતા. કદાચ ઝીણાભાઈ હતા કે

**અનુસંધાન પેજ નં. ૨૦ પર**

## (૬) દિલીપકુમાર રૉય (દાદાજી)ના અંતિમ દિવસો

લેખક : દાદાજીનો ભક્ત
અનુવાદ : પ્રા. મકરંદ બ્રહ્મા

*(પોતાના સંગીત દ્વારા કે એથીયે વધારે બંગાળી-અંગ્રેજી ગ્રંથો દ્વારા પોતાના આધ્યાત્મિક ભંડારમાંથી બીજાઓને ભાગ આપનારા, 'ચમત્કારો આજે પણ બને છે', 'ઉત્તરવૃંદાવનના મહાયોગી શ્રીકૃષ્ણ પ્રેમ', 'અનંતના યાત્રીઓ', 'તીર્થસલિલ' જેવાં ચિરસ્મરણીય પુસ્તકોનું સર્જન કરનારા, જેને મહર્ષિ અરવિંદ જેવા ગુરુ, સુભાષચંદ્ર બોઝ જેવા મિત્ર, યોગી શ્રીકૃષ્ણપ્રેમ જેવા સહયોગી મળ્યા અને શ્રી અરવિંદની અનુમતિથી ઈંદિરા જેવી પુત્રી-શિષ્યા મળી, એવા શ્રી દિલીપકુમાર વિશે એમનાં એક ભક્ત શિષ્યનો ઉપરોક્ત શીર્ષકવાળો લેખ શ્રી અરવિંદ સોસાયટીના* 'All India Magazine' *(પૌંડિચેરી)ના ફેબ્રુઆરીના અંકમાં પ્રકાશિત થયો હતો. જેનો ગુજરાતી ભાષામાં અનુવાદ 'હરિભાવ' માટે આપણને પ્રા. શ્રી મકરંદ બ્રહ્મા થકી પ્રાપ્ત થયો છે. એમનો આભાર. આ લેખ અત્રે પ્રકાશિત કરીએ છીએ. મૂળ લેખકે પોતાનું નામ પ્રકટ કર્યું નથી. - સંપાદક)*

૧૯૭૯ના સપ્ટેમ્બરના અંતભાગમાં નાદુરસ્ત તબિયતને કારણે ડૉક્ટરોએ પૂના છોડી જવાની સલાહ આપી. દાદાજી (દિલીપકુમાર રૉયનું હુલામણું નામ)ની એક દીકરી (શિષ્યા, ઈન્દિરાદેવીજી)ને હવાફેરની જરૂર હતી.

૩૦ વર્ષમાં પહેલી વાર દાદાજીએ (પૂના નહિ છોડવાની) તેની વિનંતિ કાને ના ધરી. તેઓ ૩૦મી સપ્ટેમ્બરે શિષ્યવૃંદ સાથે મુંબઈ જવા નીકળી ગયા.

બીજે દિવસે દાદાજી ઊઠ્યા ત્યારે ખૂબ ખુશ હતા, 'અદ્‌ભુત ! રાધારાણીએ મને સપનામાં આશીર્વાદ આપ્યા. મેં જોયું કે તેઓ મારી સામે ઊભા હતા. તેમનું સૌંદર્ય અવર્ણનીય હતું. હું અભિભૂત થઈ ગયો અને મારા પિતાજીએ રાધારાણી વિશે લખેલું એક ભજન ગાવા લાગ્યો.' ભજન હતું : 'કી દિયે શાજબો મધુર મૂર્તિ...'

ભજન પૂરું થયા પછી હું રાધારાણીના પગે પડ્યો. રાધારાણીએ મોહક સ્મિત કરી મારી સામે જોયું અને કહ્યું, 'મસ્તીમાં ફરીથી ગા.' ઓહ, શું સૌંદર્ય હતું ! શી કરુણા ! દીકરી ! રાધારાણીએ મને સપનામાં આશીર્વાદ આપ્યા.'

'દાદાજી આવા અદ્‌ભુત દર્શનથી તમે ધન્ય થઈ ગયા. અમને હજુ વધારે કહો' એક શિષ્યે કહ્યું.

'હા, આ એક મોટા આશીર્વાદ છે, પણ હું એનું વર્ણન કાવ્ય દ્વારા વધુ સારી રીતે કરી શકીશ.'

એમણે ત્યારે ને ત્યારે જ બંગાળીમાં એક કાવ્ય લખી કાઢ્યું અને તેમના બંગાળી નહિ જાણતા મિત્રો માટે તેનો અંગ્રેજીમાં અનુવાદ પણ કરી દીધો.

દાદાજીની તબિયત સારી હતી. રોજ આઠનવ કલાક તેઓ ગીતાનો બંગાળી શ્લોકોમાં અનુવાદ કરતા, પોતાનો અનુવાદ વાંચતા, પોતાની આગવી રીતે તેનો ક્યારેક મોટેથી પાઠ

કરતા, તો ક્યારેક ગણગણતા.

બપોરના કે રાતના ભોજન પછી આરામ ખુરશીમાં બેસી હંમેશાં કલાકેક વાંચવાની તેમને ટેવ હતી. રોજ રાતે તેઓ સાવિત્રી, રામકૃષ્ણકથામૃત, ગીતા અથવા ઉપનિષદો વાંચતા. બપોરે તેઓ ઘણીવાર વુડહાઉસ વાંચતા. મુંબઈમાં તેઓ બપોરે જમ્યા પછી એકાદ કલાક ગીતાના અનુવાદનું કાર્ય કરતા અને રાતે જમ્યા પછી મધરાત સુધી એ કામ કરતા. સાંજે તેઓ સુંદર પ્રવચનો કરતા, ભક્તોની સાથે સમૂહમાં ગાતા અને ચોમેર સંવાદિતા અને આનંદ પ્રસરાવતા. જે કોઈ તેમને મળ્યા છે તેમણે તેમની આસપાસ આમ આનંદનો અનુભવ કર્યો છે.

બે વર્ષ પહેલાં તેઓ તેમના મિત્ર શ્રી ગંગાસર સિંહાને લઈ શ્રી જયપ્રકાશ નારાયણને મળવા ગયા હતા. બીજે દિવસે શ્રી સિંહાએ અમને કહેલું કે જયપ્રકાશજી અમને દાદાજી વિષે કહેતા હતા, 'કેવો અદ્ભુત માણસ ! તે પોતાની સાથે આનંદનું વાતાવરણ લઈને ફરે છે.' ૧૧મી નવેમ્બરે દાદાજીને થોડી ખાંસી આવવા લાગી. બેએક દિવસમાં શ્વાસનળીમાં સોજો આવ્યો. પછી પરિસ્થિતિ ગૂંચવાવા માંડી. દરરોજ તેઓ બાથરૂમ સુધી ચાલતા જતા અને નાહવાનો આગ્રહ રાખતા. ડૉક્ટરોએ તેમને તેની છૂટ આપી હતી. ૧૭મીએ સાંજે બાથરૂમમાંથી પાછા ફરતી વખતે તેઓ લગભગ ફસડાઈ પડ્યા. ત્યારપછી તેઓ પથારી છોડી શક્યા નહિ. તાવ થોડા દિવસ રહ્યો, પરંતુ એક અઠવાડિયામાં તો ડૉક્ટરોએ કહ્યું કે તેમની તબિયત સુધારા પર છે અને તેમને ઘણું સારું છે. પરંતુ દાદાજી જુદો જ સૂર કાઢતા હતા. 'મને સમજાતું નથી, પણ ન સમજાવું એ પણ ભગવાનની યોજનાનો એક ભાગ છે, મને ખબર છે કે મને કેમ સમજાતું નથી.' પછી કહેવા લાગ્યા, 'મારો શોક ના કરતા. **મૃત્યુ કરુણતા નથી, વેડફેલું જીવન કરુણતા છે.'**

'દાદા, તમે મૃત્યુની વાત કેમ કરો છો ? ડૉક્ટરો કહે છે કે તમને ઘણું સારું છે અને થોડાક જ વખતમાં તમે ફરીથી ચાલતા થઈ જશો.' એક ભક્તે કહ્યું.

તેઓ હસ્યા અને આંખ મીંચકારીને બોલ્યા, 'ડૉક્ટરો મધુર ભ્રાંતિમાં છે.'

તેમણે પોતાને હાથે બંગાળીમાં એક કવિતા લખી અને તેનું શીર્ષક આપ્યું : 'અંતિમ કવિતા.'

'નહિ આ રસ્તે પ્રભુ ! નહિ તે રસ્તે, હે પ્રેમાત્મા ! હવે કેવળ તારે રસ્તે હું ચાલીશ. નહિ આ શબ્દો પ્રભુ ! નહિ પેલા શબ્દો, હે પ્રેમાત્મા ! હવે હું કેવળ તારે વિશે વાત કરીશ. આવ, મારો હાથ પકડી લે, હું તને સાદ દઉં છું, હે મારા જીવનના પ્રકાશ ! મને દોરી લઈ જા, દોરી લઈ જા. હું કશું માગતો નથી, હું મારું બધું તને દઈ દઉં છું, મારું હૃદય જ્યોતિર્મય છે, બધા પડછાયા જતા રહ્યા છે.'

ગીતાના ૬ઠ્ઠા અધ્યાયના ૪૦મા શ્લોકનો (पार्थ नैवेह...) પાઠ તેમણે કર્યા જ કર્યો અને ૧૯૭૯ની ૨૩મી નવેમ્બરે તેમણે પોતાના હાથે તેમની ડાયરીમાં લખ્યું : 'હે મિત્ર ! નહિ આ લોકમાં કે નહિ પરલોકમાં સાચો અભિપ્સુ

શોકગ્રસ્ત થતો નથી. - ડી. કે. રૉય.' તેમણે આ બંગાળી અને સંસ્કૃતમાં લખ્યું. જો કે દાદાજી સામાન્ય રીતે જેવા હોય છે તેવા નહોતા - હાસ્ય, આનંદ અને શક્તિથી ઊભરાતા (મોટાભાગના સમયમાં તેઓ શાંત અને અંતઃસ્થ રહેતા) - તેઓ ખૂબ જ પ્રેમ વરસાવતા, નાનામાં નાની સેવા બદલ કૃતજ્ઞ રહેતા, કોઈને પણ તકલીફ આપવાનું તેમને સહેજેય ગમતું નહિ. તેમણે કહ્યું, 'હું તમને ખૂબ તકલીફ આપી રહ્યો છું, પણ તમે એમ ન કહી શકો કે હું તમને સાચા માર્ગે નથી લાવ્યો. બાળકો ! હું તમને મહાનમાં મહાન માર્ગ ઉપર લઈ આવ્યો છું.'

૨૬મી નવેમ્બરે તેમણે કહ્યું, 'જો લોકો પૂછે કે દાદાજીનો જન્મ શા માટે થયો હતો તો મારા સંગીત, સાહિત્ય કે બીજા કશાયની વાત ના કરતા, મારી અભિપ્સાની પણ નહિ. માત્ર આટલું જ કહેજો. દાદાજી પ્રેમ કરવા માટે જન્મ્યા હતા, તેમનું જીવનકાર્ય હતું બધાને પ્રેમ કરવો, ભેદ રાખ્યા વિના પ્રેમ કરવો અને ભગવાનને પ્રેમ કરવો.' વળી એમણે ઉમેર્યું, 'મને સ્પષ્ટપણે સમજાઈ ગયું છે કે ભગવાનની કૃપા આ પૃથ્વી ઉપરની સૌથી મોટી વાસ્તવિકતા છે. હું મૃત્યુ માગતો નથી, પણ સાથે સાથે જીવન ઝંખતો પણ નથી.' ફેબ્રુઆરીના અંતમાં તેમણે એક પંક્તિ ઊતરાવી : 'જ્યારે અંધકાર તમારા સૂર્યને સ્પર્શે છે ત્યારે પ્રકાશ બની જાય છે.' પછી બોલ્યા, 'મેં સૂર્યને સ્પર્શ્યો છે' ડિસેમ્બરના પહેલા અઠવાડિયામાં એમણે પૂછ્યું, 'મારી માલિકીની કોઈ મિલ્કત છે ? મંદિરનું શું છે ?'

'તમારા નામે કોઈ મિલ્કત નથી, દાદાજી ! આપણે માત્ર ટ્રસ્ટીઓ છીએ - અથવા તમે કહો છો તેમ 'સેવકો' છીએ.'

'મારા કોઈ અંગત પરિગ્રહો છે ? પૈસા ?' તેમણે પૂછ્યું.

'ના દાદાજી ! તમે હંમેશા એવો આગ્રહ રાખ્યો છે કે તમારા કોઈ અંગત પરિગ્રહો હોવા જોઈએ નહિ.' ભક્તે જવાબ આપ્યો.

'હું ખૂબ ખુશ છું કે હું ભગવાનના નામે ભિક્ષુક સ્વરૂપે મૃત્યુ પામીશ', તેમણે વારંવાર કહ્યું.

'મારે હંમેશા સાચાદિલ થવું હતું. મેં હંમેશા ધ્યાન રાખ્યું છે કે હું કોઈ આત્મવંચના ન કરું. તમે જાણો છો કે ભગવાન સિવાય મેં બીજું કશું નથી ઇચ્છ્યું. મને સંતોષ છે કે હું ભગવાનના નામે ભિક્ષુક થઈને મરી રહ્યો છું.'

'હું સાજો થઈ જાઉં એ માટે પ્રાર્થના ના કરતા. પ્રભુનાં ચરણોમાં મારું સમર્પણ પૂર્ણ બને એ માટે પ્રાર્થના કરજો.'

નવાઈ લાગે પણ સાચું છે કે તેમની આસપાસ અજંપો કે વિષાદનું વાતાવરણ નહોતું. તેમના રૂમમાં પ્રવેશતાંની સાથે જ ગહન શાંતિના વાતાવરણનો અનુભવ થતો.

'હું ગહન શાંતિમાં છું,' દાદાજી વારંવાર બોલતા.

'હું પરમ આનંદમાં છું. તમે બધાં આનંદમાં છો ?' તેમણે ૩જી જાન્યુઆરીએ પૂછ્યું.

'જીવનમાં, મૃત્યુમાં, હે પ્રભુ ! મારી સાથે રહેજો.'

'મારે પ્રભુ જ જોઈએ, અને હું પ્રભુને પામીશ જ' મારા ગુરુદેવ શ્રી અરવિંદે મને લખ્યું હતું, તેથી એ મારો મંત્ર છે. મને કેવા મહાન ગુરુ મળ્યા છે, હું ધન્ય થઈ ગયો.

'મારે કોઈ આસક્તિઓ નથી, મારે કોઈ પસ્તાવા નથી, હું મુક્ત છું, હું મુક્ત છું.'

આ પહેલાં દાદાજીએ એમની માંદગી દરમ્યાન કહ્યું હતું, 'હું મૃત્યુની ખીણમાંથી પસાર થઈ ગયો છું, મેં પ્રભુને મોઢામોઢ જોયા છે અને જેને બધા લોકો ઝંખે છે એ પરમાનંદનો મેં અનુભવ કર્યો છે. અનિર્વાણ જેવા ઘણા યોગીઓ મસ્તકની ટોચના બ્રહ્મરંધ્ર દ્વારા દેહ છોડે છે. મારે એ રીત શીખી લેવી છે અને એ રીતે જ જવું છે.' (તેમણે એ રીતે જ બ્રહ્મરંધ્ર દ્વારા શરીર છોડ્યું.)

એમના એક શિષ્યે પૂછ્યું, 'તમે પ્રભુ પર એકાગ્રતા કરો છો ?' તેમણે જવાબ આપ્યો, 'તમને શું લાગે છે, બધો વખત એ સિવાય હું બીજું શું કરું છું ? મને હૃદયમાં ગહન શાંતિ લાગે છે, હવે મારું સમર્પણ પૂર્ણ થયું છે. બંસી હજુ પણ એટલી જ મધુરતાથી બજે છે, હું એ સતત સાંભળું છું.' (એમને ૧૯૭૫ની ૧૭મી ડિસેમ્બરથી બંસીનાદ સંભળાતો હતો જે ક્યારેય અટક્યો નહોતો.)

સાત અઠવાડિયા દાદાજી પથારીમાં રહ્યા તે દરમ્યાનમાં રોજેરોજ એમણે જે કહ્યું હતું તેમાંથી આ થોડા અંશો છે. તેઓ સદાય સૌંદર્ય, શાણપણ, હાસ્ય અને સ્નેહસભર શબ્દો બોલતા. તેમણે ક્યારેય એકેય વાર નથી ફરિયાદ કરી કે નથી તેઓ કણસ્યા કે નથી નિસાસો સુદ્ધાં નાંખ્યો. તેઓ શાંતિથી સૂઈ રહેતા અને તેમને ડૉક્ટરો કે નર્સો જે કંઈ કરે તે કરવા દેતા - રોજનાં તેર તેર ઈંજેક્શનો અને બીજું બધું તેમણે ક્યારેય એકેય વાર એકેય વિનંતિની 'ના' નથી પાડી. તેઓ કેટલીક વાર પૂછતા, 'હું સહકાર આપું છું, નહિ ?'

તેઓ હંમેશા કહેતા, 'હું શારીરિક પીડા ટાળું છું, ભગવાને મને ઘણી શારીરિક પીડામાંથી બચાવી લીધો છે,' અને છતાં તેમણે તે પીડા નવાઈ લાગે તેવી સહનશીલતા અને ધીરજ રાખી વેઠી લીધી. હંમેશાં દરેકને માટે સ્મિત તથા પ્રેમને પ્રોત્સાહક શબ્દો.

તીવ્ર શારીરિક યાતના અને નબળાઈ છતાં દાદાજીની અસાધારણ સ્મરણશક્તિ અને વિનોદવૃત્તિ અકબંધ અને પ્રશસ્ય રહી. ૬ઠ્ઠી જાન્યુઆરીના થોડા દિવસ પહેલાં જ ઉતારાઓના પુસ્તકમાંથી કંઈક શોધવાનો પ્રયત્ન કરી રહેલા એક શિષ્યને તેમણે પૂછ્યું, 'તું શું શોધી રહ્યો છે ?' શિષ્યે જવાબ આપ્યો, 'તારી જાત પ્રત્યે સાચો રહેજે.'

'એ હૅમ્લેટમાંથી છે,' દાદાજીએ તરત જ કહ્યું, 'પોલોનિયસ તેના દીકરા લઍર્ટિસને કહે છે.'

'સૌથી વધુ મહત્ત્વનું : તું પોતાની જાત પ્રત્યે સાચો રહેજે. જેમ દિવસની પાછળ રાત જાય છે તેમ આમાંથી નિશ્ચિતપણે ફલિત થાય છે કે તું કોઈ પણ વ્યક્તિ પ્રત્યે જૂઠ્ઠો ન થઈ શકે.'

'મારી બુદ્ધિ એકદમ વિશદ છે. હું ભાગવત, મહાભારત, રવીન્દ્રનાથ ટાગોર, સાવિત્રી અને ગીતામાંથી મારી સ્મરણશક્તિને ચકાસવા માટે પદ્યોનો પાઠ કર્યા કરું છું.'

એક વખત તેઓ ઊંઘના ખાસ્સા ઘેનમાં હતા ત્યારે એક શિષ્યે પૂછ્યું, 'દાદાજી, પ્રહ્‌લાદે ભગવાનની સ્તુતિ કરી હતી તે તમને યાદ છે ?'

'મૂળ સંસ્કૃત કે મારો અંગ્રેજી અનુવાદ ?' દાદાજીએ પૂછ્યું.

'સંસ્કૃત.'

એક પણ વાર ખચકાયા વિના તેમણે આખું સ્તોત્ર તેમના હવે ક્ષીણ થઈ ગયેલા ભવ્ય અવાજમાં ગાયું.

ડિસેમ્બરના મધ્યભાગમાં ધીમે ધીમે પણ નિશ્ચિતરૂપે ક્ષિતિજ ઉપર કાળાં વાદળાં ઘેરાવાં લાગ્યાં. દાક્તરી વિજ્ઞાન મુજબ તો ડૉક્ટરોને લાગતું હતું કે તેમને ઘણું સારું છે, તેમ છતાં તેમની એક શિષ્યા (ઇંદિરાદેવી) પર એક જાતની નિરાશા, ઊંડો ભય ઊતરી આવ્યાં. આ એક એવો કારણ વિનાનો ભય હતો કે આશા સેવતાંય ડર લાગે અને નિરાશ થતાંય ડર લાગે. બસ, તેમના તેજસ્વી મુખ સામે જોયા કરવાનું અને પ્રાર્થના કરવાની, પ્રાર્થના કરવાની. ૬ઠ્ઠી જાન્યુઆરી સુધી જે ઇન્દિરાદેવીને તેઓ પોતાનું બળ કહેતા હતા તેમને પોતાને જ એમ લાગ્યું કે પોતે સાવ લાચાર અને નિર્બળ છે. દાદાજી તેમનાથી એક દિવસ પણ વિખૂટા નહોતા પડ્યા. ૧૯૪૯થી ૬ઠ્ઠી જાન્યુઆરી ૧૯૮૦ સુધી એક દિવસ પણ નહિ. એકમાત્ર અપવાદ હતો જૂન ૧૯૭૯ કે જ્યારે ઇન્દિરાજીને ૧૮ દિવસ હૉસ્પિટલમાં રહેવું પડ્યું હતું. વધુમાં વધુ તેઓ દાદાજીથી એક કે બે કલાક અળગા રહ્યાં હતાં.

૫મીની સવારે અંદર એવું કંઈક થયું જેને કારણે તેમણે દાદાજીને કહ્યું, 'જાઓ દાદા ! તમે મને ક્યારેય છોડી નહિ દો એ તમારા વચનમાંથી હું તમને મુક્ત કરું છું : તમારા આનંદધામમાં જાઓ, તમારા ગુરુ પાસે, તમારા ઠાકુર રામકૃષ્ણ અને તમારા પ્રભુ કૃષ્ણ પાસે જાઓ.' તેમના આ શબ્દો સાંભળીને દરેકને આઘાત લાગ્યો.

૬ઠ્ઠી જાન્યુઆરી, ૧૯૮૦ સવારે દાદાજીએ કહ્યું, 'મારા હાથ ધુવો, મારે ભગવાનનો ચરણસ્પર્શ કરવો છે.' શિષ્યો સાબુ-પાણી લાવ્યા અને તેમણે તેમને હાથ ધોવડાવ્યા. બપોરે ૧૨ વાગે ઇન્દિરાજીએ તેમને પૂછ્યું, 'દાદા, સાજા થવા માટે તમારે તમારી સંકલ્પશક્તિનો ઉપયોગ કરવો નથી ?'

૩૧ વર્ષોમાં પહેલીવાર તેમણે તેમના પ્રશ્નનો જવાબ ના આપ્યો. તેઓ ફક્ત હસ્યા અને ખૂબ મૃદુતાથી તેમણે આશીર્વાદ આપ્યા.

તેઓ એટલા તો નબળા થઈ ગયા હતા કે પાણી પણ ઉતારી શકતા નહિ. પાણી શ્વાસનળીમાં જતું રહેતું. એક ચમચી કાંજી પણ જીભ ઉપર જ રહી જતી. આમ, છતાં જ્યારે તેમને બેસાડવામાં આવતા ત્યારે તેઓ ના પાડતા નહિ. નર્સને 'આભાર' કહેતા, અને બીજાં તરફ સ્મિત વેરતા.

ડૉક્ટરોએ તેમને બપોરે ૨.૩૦ વાગે તપાસ્યા અને કહ્યું, 'બહુ ખરાબ નથી.' કાર્ડિયોગ્રામ બરાબર હતો.

એમના અંતિમ શબ્દો હતા : 'જય ગુરુ, જય હરિ.'

ત્યારે એક અસાધારણ ઘટના ઘટી - હરિકૃષ્ણ મંદિરમાં બપોરે ૩.૪૦ વાગ્યે સૂર્ય આથમી ગયો.

**દાદાજીનો એક ભક્ત**

મૂળ અંગ્રેજીનો અનુવાદ : મકરંદ બ્રહ્મા ❑

# (૭) ઉચ્ચાત્માઓ જીવને આકર્ષે છે

**શ્રીમોટા**

આપણે બધા તો સંસારી જીવો રહ્યા, એટલે ભગવાનની કૃપાથી અથવા તો કર્મપ્રારબ્ધ સંજોગે કરીને કોઈ ઉચ્ચાત્મા સાથે અથડાઈ પડ્યા તો **તેવા લોક આપણા જેવા જીવને ખેંચવાને કાજે કોઈ ને કોઈ પ્રકારનું આકર્ષણ આપણામાં જન્માવે છે.**

ઉચ્ચાત્માના એવા આકર્ષણ વડે જો આપણે પ્રભુસ્મરણની ભાવના સળંગ, એકધારી જીવંત રાખી શક્યા તો તે આકર્ષણ ઉપયોગી નીવડી શકે છે. એવા આકર્ષણને જેમ જેમ ઉપયોગમાં લેવાતું જાય છે, તેમ તેમ તે આકર્ષણનો પ્રકાર અને આકાર પણ બદલાતો જાય છે.

બાળકને આપણા તરફ આકર્ષતું કરવાને માટે બાળકના પ્રકારની રીતભાત આપણે આચરીએ છીએ. તેવી રીતે ઉચ્ચાત્માઓ કે સંતાત્માઓ પણ અનેક જુદા જુદા પ્રકારના જીવોને જીવન પરત્વે આકર્ષવાને તેમની તેમની રીતનું જ્ઞાનપૂર્વકનું વલણ લેતા પણ હોય છે.

સમજુ જીવો તેવા જન્મેલા આકર્ષણનો સાચો ઉપયોગ કરી શકે છે. પોતાના સર્વ પ્રકારના દોષો નીરખી નીરખીને તેમાંથી ટળી જવાને મથ્યા કરતો હોય છે અને એકમાત્ર પ્રભુસ્મરણની ભાવનામાં જ રમ્યા કરવાનું હૃદયથી ચાહે છે, પરંતુ જે જીવો આવા આકર્ષણને નકામું જવા દે છે, આકર્ષણ વડે કરીને જે જીવ જાગતો નથી, તેવા જીવ તો મૂઆ પડ્યા જેવા છે.

અમારું હૃદય તો પ્રેમભાવનાથી કરીને સદાય કુમળું કુમળું રહે છે. અમને તો હૈયામાં ભાવનાની પ્રચંડ જ્વાળામુખી સમી ભૂખ પ્રગટેલી છે. તે કદી હોલવાતી જ નથી. **સંસારવહેવારમાં મળેલું કામ તો કરતા રહેવું પરંતુ હૃદય તો ભગવાનની ભક્તિમાં જ રાખ્યા કરવું.**

સંસારમાં મળેલા અનેક પ્રકારના જીવોની સાથેના સંપર્કમાં તેમની તેમની બાબતના આમ કે તેમ કોઈ જાતના વિચારો આપણને અથડાઈ ન પડે, એટલું જીવતુંજાગતું ભાન રાખવું. હંમેશાં સદ્ગુણના ભક્ત બનવું. બને તેટલું ઓછામાં ઓછું બોલવું.

સદા નમ્રમાં નમ્ર રહેવું. સર્વ પ્રસંગોમાં અને બનાવોમાં શાંતમાં શાંત રહેવું. અશાંત થવાતાં પ્રભુની પ્રાર્થના કરવી. જીવ પ્રકારનાં નકારાત્મક વલણો, વૃત્તિઓ અને વિચારોને તેમની તેમની ઊઠતી પળે સભાન બનીને આપણે રચનાત્મકપણે વાળવાનું કરીએ તો જ આપણો દહાડો કાંઈક વળે.

સંસારવહેવારમાં અનેક પ્રકારના જીવો સાથે મળવાનું થયા કરવાનું. અનેક કામોમાં ભેળું થવાનું બનવાનું, પરંતુ તે તે વેળા આપણે તો આપણા જીવનના આદર્શની ભાવનામાં જ જ્ઞાનભક્તિપૂર્વક રમ્યા કરવાનું બને એટલી જાગૃતિ સેવ્યા કરવાની છે. કોઈનીયે સાથે ચાલતાં સુધી ભૂલેચૂકે અથડામણ ન થઈ જાય, તેટલા કાજે ઘણી ઘણી કાળજી રાખવી.

અમારા હૈયામાં તો આગ પ્રગટેલી છે. તે બધા પ્રભુકૃપાથી મળેલા જીવો શાંત કરી શકે ત્યારે ખરા !

'જીવનસોપાન', બીજી આ. પૃ. ૧૦૫ ❑

## (૮) જીવનદાતા 'મા'

શ્રી જવાહર કે. પટેલ

આમ તો દરેક સંતાનની જન્મદાતા મા જ હોય. પણ મારા મા મારા માટે જન્મદાતા ઉપરાંત જીવનદાતા પણ ખરા. બે બહેનો પછી મારો જન્મ એટલે વધુ લાડકો. એમાં વળી શરીરે નાજુક એટલે બા મને હથેળીમાં ફૂલની જેમ સાચવતી. અમે ત્યારે વડોદરા રાવપુરા મહાવીર સ્વામીની પોળમાં રહેતા. હું બીજા ધોરણમાં હતો (૧૯૫૪). તે વખતે ટાઈફોઈડનાં ત્રણ મહિનાના તાવમાં શરીર સાવજ 'કંતાઈ ગયેલું.' બા કહેતા કે હું ધોળી પૂણી જેવો થઈ ગયેલો. એમાં વળી તાવે એવો તે ઉથલો માર્યો કે ઘડીઓ ગણાવા માંડી. ડૉક્ટરે પણ લાચાર થઈ કહી દીધું કે હવે 'જે કરે એ ઉપરવાળો.' મને ખાટલા પરથી ઉતારી નીચે જમીન પર સુવડાવી દેવાયો. આ જોઈ બા હચમચી ગયા. નિઃસહાય બા મને બચાવી લેવા ભગવાનને આજીજી કરી કાલાવાલા કરવા લાગ્યા. બાની કાકલૂદી જોઈ જેના ઘરમાં અમે ભાડે રહેતા તે બ્રાહ્મણ દાદીમાએ બાને ખૂણામાં બોલાવી એક સૂચન કર્યું, તમે કોઈને કશું જ કહ્યા વગર કાળા તલ-રાઈ-મગ વગેરે ભેગું લઈને ચકલે (ચાર રસ્તે) મૂકી આવો. ત્યાં જ બાધા માનજો અને પાછું ફરીને જોતા નહિ. શરત એ કે શરીર પર એકેય કપડું પહેર્યા વગર. ખાસી એવી લાંબી પોળમાં અમે વચ્ચોવચ રહેતા. મારો જીવ બચાવવા બા એક પળનાંય ખચકાટ વગર બધી વસ્તુ ભેગી લઈ ઉઘાડા શરીરે એકલા ચાલવા માંડેલા. માતૃત્વની બધી જ પરિભાષાને બા અતિક્રમી ગયેલા અને પછીથી બાધા પ્રમાણે પાક્કું એક વર્ષ એમણે હથેળીમાં ખાધું અને અઠવાડિયે એક વાર ભીખ માંગીને. આજે જ્યારે હું યાદ કરું છું ત્યારે હૈયું ધબકાર ચૂકી જાય છે. આજથી લગભગ ૬૯ વર્ષ પહેલા અડધી રાત્રે અંધારામાં એક ૩૫ વર્ષની સ્ત્રી સાવ ઉઘાડી, એકલી, પોળની વચ્ચોવચ ચાલતી કઈ હિંમતે ગઈ હશે ! પણ એક વાત પાક્કી કે મારી બાની અડગ શ્રદ્ધા અને પ્રાર્થનાના બળે જ હું બચી ગયેલો. સંતાન માટે એક માનો આ તે કેવો અસીમ, અતુલ્ય, અમાપ પ્રેમ !

પિતાજીની સેન્ટ્રલ એક્સાઈઝમાં નોકરી. ૧૯૬૨માં બદલી થતા અમે સુરત આવ્યા. પૂજ્ય શ્રીમોટા સાથે 'બા' અનન્ય રીતે સંકળાયેલા. પૂજ્યશ્રી માટે એમને ખૂબ જ પૂજ્યભાવ અને અપાર શ્રદ્ધા.

૧૯૬૯માં બાને લઈ હું પૂજ્યશ્રીને મળવા જહાંગીરપુરા, સુરતના આશ્રમે આવેલો. ત્યારે હું એન્જિનિયરીંગના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરું અને પૂજ્યશ્રીની પ્રેરણાથી મેં મૌનમંદિરમાં બેસવાનું નક્કી કરેલું. અમે આશ્રમે પહોંચ્યા ત્યારે પૂજ્યશ્રી પેસેજના ખાટલા પર બેઠેલા (જ્યાં હમણાં એમની તસ્વીર રાખી છે). પગે લાગી બાની ઓળખ આપી. બા એમને ખૂબ જ ભાવપૂર્વક પગે લાગ્યા અને કહ્યું કે 'મોટા' મેં જવાહરને હવે તમારા હાથમાં સોંપ્યો. પૂજ્યશ્રીએ ખૂબ જ ભાવથી બાના બંને હાથ પોતાના હાથમાં લઈ કહેલું કે, 'મા' તમે ચિંતા

ના કરશો. ઉપરવાળો મારો વ્હાલો બધું સરખું કરશે. ને આ તો મારો દોસ્તદાર છે. બાની આંખોમાં કૃતજ્ઞતાના (આભારના) આંસુ ક્યાંય સુધી છલકતા રહેલા.

મને પોતાને ખબર નહિ કે બા પૂજ્યશ્રી માટે કશુંક લઈ આવેલા. પરંતુ સંકોચને કારણે અવઢવમાં એટલે લાવેલી (થેલીને) સંતાડ્યા કરે. મારા આશ્ચર્ય વચ્ચે પૂજ્યશ્રી એ કહ્યું કે 'મા' મારા માટે જે લાવેલા છો તે મને નહિ આપો ! બા ખૂબ જ સંકોચ સાથે બોલેલા, 'મોટા' મારા જેવી અભાગણીના હાથના બનાવેલા તલના લાડુ તમને કેવી રીતે આપું ? મને અભણને એવી મૂંઝવણ થાય છે...કે તમને ચાલે ! પૂજ્યશ્રીએ ખૂબ જ ભાવથી કહેલું 'મા' તમે મારા માટે પ્રેમથી લાવો તે મને કેમ ન ચાલે ! લાવો આપો મને 'મા'. અને ડબ્બો લઈ એક લાડુ પ્રેમથી આરોગી ડાહીબહેનને કહ્યું કે આ મારા માટે જ છે મૂકી દો. (ડાહીબહેન તે વખતે પૂજ્ય મોટાની સેવા ચાકરી કરી સંભાળ રાખતા) પછી બાનો હાથ પકડી કહ્યું કે, 'મા હવે મારા માટે તલના લાડુ મોકલવા.' બા તો ગદ્‌ગદ્ નીતરતી આંખે બા કશું જ બોલી ન શકેલા ને ક્યાંય સુધી પૂજ્યશ્રીનો પ્રેમાળ હાથ બાના માથે ફરતો રહ્યો. ત્યારથી બા ને પૂજ્યશ્રી માટે ખૂબ જ ભાવ અને અપાર શ્રદ્ધા. ક્યારેક કોઈ મુશ્કેલી કે તકલીફ વખતે મને મુંઝાયેલો જુવે તો કહે ચિંતા ના કર ભાઈ, મારા 'મોટા' બધું 'હમું હૂતરું' પાર પાડશે. બસ આપણે એમને બે હાથ જોડી પ્રાર્થના કરતા રહેવાનું.

મારા 'બા' એકદમ અંતરિયાળ ગામડામાં જન્મેલા. એ સમયગાળામાં ગામડાઓમાં નિશાળો નહિ. બાનું બાળપણનું નામ વાલીબહેન જે એમનાં લગ્ન પછી ગંગાબહેન થયેલું. નાની ઉંમરે જ બા સાસરે આવી ગયેલા. પૈસાની અછત ને મારા બાપુજી કેશવલાલ ૧૩-૧૪ કિ.મી. ચાલીને નિશાળે જતા અને ચાલીને જ પાછા આવતા. આવીને ઢોરઢાંકરનું કામ કરતા. બા આખો દિવસ ખેતરમાં કાળી મજૂરી કરતા ને ત્યારે છેક સાંજે રોટલા પામતા. બાપુજી આવી કપરી મુશ્કેલીમાં મજૂરી કરી સાથે ભણતા ગયા ને બા એમને અડીખમ ટેકો આપતા રહ્યા. બાપુજી મૅટ્રિક થઈને સેન્ટ્રલ એક્સાઈઝમાં જોડાયા. વર્ષો પછી બા માટે સારા દિવસો જોવાના આવ્યા. સરકારી નોકરીને કારણે વારંવાર બાપુજીની બદલીઓ થાય. એટલે બા ગામેગામના પાણી પીને એવા પાક્કા થઈ ગયેલા કે ભણેલા નથી એવું કોઈને લાગે નહિ. ઘડિયાળ જોઈ શકે. કેટલાક અંગ્રેજી શબ્દો પણ જાણે. કોઈ સારુ સંગીત વાગતું હોય ત્યારે બાની આંગળીઓ તાલબદ્ધ ઊંચીનીચી થતી એ જોઈ મને અનહદ આશ્ચર્ય થતું. અમારી સાથે હોટેલમાં જમવા કે ફિલ્મો જોવા પણ આવતા. જરૂરી ન લાગે એવી સામાજિક પરંપરાઓને વળગી ન રહેતા. મારી પત્ની ગીતાને સાડી ન ફાવે તો કોઈ પણ મનગમતો ડ્રેસ પહેરવાની છૂટ આપેલી.

૧૯૮૫માં અચાનક બાપુજી દેવલોક પામ્યા. પછીનાં વર્ષોમાં અમને બધાને (ચારે પરિવારને) સોડમાં લઈને જીવ્યા. વગડાનો જીવ એટલે

ગામમાં (ડુંગરી) રહેવાનું વધુ પસંદ કરતા. કામકાજને લઈ ભલે મારે બહાર જ ઝાઝું રહેવાનું થયું પણ બા છેવટ સુધી ગામમાં જ રહ્યાં. એટલે એ ઘર હજી પોતીકું લાગે.

બા ખૂબ જ માયાળુ અને પરગજુ. કોઈની તકલીફ કે દુઃખ જોઈ ના શકે. 'પીડ પરાઈ જાણે રે' એ આત્મસાત્ કરેલું. બધા માટે ભારોભાર સમભાવ. બામાં માયા, મમતા અને લાગણીનો એટલો પ્રબળ ભાવ કે એકવાર મળવાનું થાય એય બાની મોહની માંથી છટકી ન શકે. કોઈને 'નડવું' નહિ અને બને એટલી મદદ કરી છૂટવી. એ એમનો જીવનમંત્ર હતો. કોઈને ભારે ન પડવું. છેવટ સુધી પોતાનાં કપડાં જાતે ધોતા. હું બાને સાચા અર્થમાં આધુનિક માનું. દીકરો મિલિંદ આર્કિટેક થઈ વધુ અભ્યાસ અર્થે પરદેશ જઈ રહ્યો હતો ત્યારે બધાની હાજરીમાં કહેલું કે ખૂબ ખૂબ ભણજે. ભણ્યા પછી સમાજોપયોગી કામ કરજે. જાતને સાચવજે અને તને પસંદ પડે એ છોકરી સાથે લગ્ન કરજે. નાતજાત નહિ એના ગુણ જોજે. આમ અમને સૌને તો ઠીક પણ સંતાનોને પણ મિત્ર ભાવે સ્નેહ કરતાં અને યોગ્ય સલાહ આપતાં. એમનો ઉષ્માભર્યો લાગણીસભર હાથ અમારે માથે ફરે એટલે અડધું દુઃખ ઓછું થઈ જાય. એમના આશીર્વાદની અમને જબરદસ્ત હૂંફ રહેતી. અમને બધાને સારી રીતે ગોઠવાયેલા જોઈ ખુશ થઈ પૂજ્ય શ્રીમોટાને બે હાથ જોડી આભાર માનતા. ડગલે ને પગલે પૂજ્યશ્રીને ગદ્‌ગદ્ થઈ પ્રાર્થના કરતા રહેતા.

છેલ્લાં થોડાંક વર્ષોથી બા જાણે કે તમામ દુન્વયી વહેવારોથી પર થવા માંડેલા. વહેલી સવારે નાહીધોઈ નિયમિત દીવો કરી પૂજ્યશ્રી મોટાના ફોટાને ચરણે બેસી જતા. અમારા બધાની સુખાકારી માંગતા અને પ્રાર્થના કરતા 'મોટા' મને કોઈની સેવાચાકરી લીધા વગર હાલતી ચાલતી આ દુનિયામાંથી લઈ લેજે. અમને બધાને કહેતા મારા માટે થઈને તમારા કોઈ કામ ના અટકાવતા. જ્યાં જવાનું હોય ત્યાં પણ અચૂક જવું. કહેતા 'તમ તમારે નિરાંત જીવે જાવ મારી સાથે તો મારા 'મોટા' છે જ. પૂજ્યશ્રી મોટાની એક નાની છબી હંમેશા એમની સાથે જ રાખતા. એમની અપાર શ્રદ્ધાનું બળ અને પૂજ્યશ્રીની મહેરબાનીથી તા. ૨૯ જુલાઈ'૧૧ના રોજ બા કોઈ જાતની શારીરિક પીડા વગર આ લોકમાંથી વિદાય થયા અને ત્યારેય એમના હાથમાં પૂજ્યશ્રીની એ છબી સાથે જ હતી. અફસોસ એ વાતનો કે હું છેલ્લી ઘડીએ બા પાસે ન રહી શક્યો. મારી પામરતા જ હશે.'

મારા માટે 'બા' મારા એવા દોસ્તદાર હતા કે જેમને બધું જ કહી શકાય. અમે સુરતથી ગામ ડુંગરી જઈએ ત્યારે કલાકો સુધી બહાર ઓટલે બેસી રાહ જોતા ને અમને જોઈને અડધા અડધા થઈ જતા. આત્મિયતાથી આંખો ભરેલી હોય ને સ્નેહસભર હાથથી ક્યાંય સુધી પંપાળતા રહે. મને કહેતા, 'ભાઈ' તું અહીં એક ઘર કર પછી આપણે સાથે રહીશું. એવો વાયદો કરેલો, પણ મારા પક્ષે વિલંબ થતો જ ગયો ને આટલા વર્ષો મારી રાહ જોતા 'બા' જતા રહ્યા. એનો અફસોસ અને અજંપો મને છેવટ સુધી રહેવાનો.

આજે બધું જ છે પણ ‘બા’ નથી. એની સાથે પાછલાં વર્ષોમાં રામાયણ-મહાભારત વાંચી ગોષ્ઠિ કરવાની મનની મનમાં રહી ગઈ. અમે પરિવારજનો બીજું તો શું કરી શકીએ ! એમણે જ આપેલી સમજણ પ્રમાણે પૂજ્ય શ્રીમોટાને પ્રાર્થના કરીએ કે ‘ગયેલા અમારી ‘બા’ના આત્માને સાચી શાંતિ આપી સદ્‌ગતિ કરાવજો પ્રભુ.’ એ હતી ત્યારે સાથે ન રહેવાયું પણ હવે નથી ત્યારે જાણે કે એ મારી સાથે જ છે - જાણે મને સથિયારો આપતી ને હું એના હાથ પકડીને ભારે હૈયે અને સજળ આંખે કહી ઉઠું છું ‘તુજે સબ હૈ પતા હૈ ન મા...મેરી માં...’

(હવે શેષ જીવન પૂજ્ય શ્રીમોટાની છત્રછાયામાં વીતે અને એમના સ્મરણ સાથે વિદાય થવાય એવી પૂજ્યશ્રીને પ્રાર્થના.) હરિઃૐ. ❑

**અનુસંધાન પેજ નં. ૧૦ નું ચાલુ**

નહિ તે ખ્યાલ નથી. પણ શ્રીમોટા રાખ ચોળતા હતા ત્યારે બે-ચાર ભક્તો ત્યાં વરંડામાં ઊભા રહીને જોયા કરતા હતા. શ્રીમોટા જરા ગુસ્સે થઈ ગયા હતા એ બરાબર યાદ છે અને કંઈક એવું બોલ્યા હતા કે શું અહીં તમાશો જોવા આવ્યા છો ? ‘તમાશો જોવાનો છે ?’ પછી પેલા હાંસજીભાઈને ઊભા થઈ જવાનું જણાવ્યું. તેઓ એકદમ ઊભા થઈ ગયા અને તેમનું સાયેટિકાનું દર્દ ગાયબ થઈ ગયું હતું અને એકદમ સ્વસ્થ થઈ ગયા હતા.

શ્રીમોટાએ તેમને કહ્યું કે ભાઈ દારૂ નહિ પીતો અને ગાયને ઘાસ નાખજે. જે તેમણે કંઈક થોડો વખત ચાલુ રાખ્યું હતું.

શ્રીમોટાના જીવનનો આ એક અપવાદરૂપ કિસ્સો હોવાથી અહીં ટાંક્યો છે જેના આ રજનીભાઈ પ્રત્યક્ષ સાક્ષી છે. ❑

**અનુસંધાન પેજ નં. ૮ નું ચાલુ**

પગ છે - આ બધા શરીરનાં અંગ છે ને શરીર માટે કામ કરે છે. તેમ આપણે સમાજના અંગ છીએ અને સમાજ માટે કામ કરવું જોઈએ. આપણને હજી એનું ભાન જાગ્યું નથી. સમાજનું હિત એ આપણું હિત છે. સમાજના હિતથી વિરુદ્ધમાં આપણાથી વર્તી શકાય નહિ.

પશ્ચિમના દેશોને આપણે ભૌતિકવાદી માનીએ છીએ. પણ એ લોકો સમાજને બહુ મહત્ત્વ આપે છે. એ લોકો રેડિયો મૂકશે તો બાજુવાળાને ત્રાસ ન થાય તેની કાળજી લેશે. રાત્રે સિનેમા જોઈ આવીને દાદર ચઢતા હોય તોય અવાજ નહિ થાય એની પણ કાળજી રાખે.

ભાવના જ્યારે અખંડપણે પ્રગટે ત્યારે આપણી પ્રકૃતિનું રૂપાંતર થાય છે એમ મેં જાતે નરસિંહ મહેતાની જેમ અનુભવેલું છે. પણ મને કોઈ માનતું નથી. છતાં હું તો બધાંને પ્રેમ કરું છું. મને સો ટકાની ખબર છે કે તે પ્રમાણે મને કોઈ પ્રેમથી માનતું નથી. હું સમાજનો પ્રચલિત રૂઢિગત શબ્દ બોલું છું. બાકી **‘સમાજ’ તો હું મારા ભગવાનને કહું છું.**

આપણે જેના વડે સ્પર્શ, રસ, ગંધ, સ્વાદ અનુભવીએ છીએ એને યાહોમ કરીને ઝંપલાવી જાણવાને આપણને ગરજ જાગી નથી. કહેવત છે કે ‘ગરજવાનને અક્કલ નહિ’ પણ જ્યારે એવી ગરજ પ્રગટે છે સાહેબ ! ત્યારે આ પ્રકૃતિ ગૌણ બની જાય છે.

‘સ્વજનોને સંબોધન’, પ્ર. આ. પૃ. ૪૮ ❑

## (૯) પૂજ્ય શ્રીમોટાના ૧૨૫મા અવતરણ વર્ષ નિમિત્તે-૯

શ્રી નીતિન રામી

પૂજ્ય શ્રીમોટા અમદાવાદમાં શ્રી ચીમનભાઈ મહાજનને ત્યાં પધારતા. એક વાર મારા પિતાશ્રી બાબુભાઈ રામી મને સાથે લઈ ગયેલા. પૂજ્યશ્રીનું આ પ્રથમ દર્શન !

આવી જ રીતે પૂજ્યશ્રી અમદાવાદના તે સમયના ચીફ ઈજનેર શ્રી કાંતિભાઈ કાંટાવાળાના નિવાસસ્થાને પધારેલ હતા. મારા પિતાશ્રી મને દર્શન માટે સાથે લઈ ગયા હતા. પૂજ્ય શ્રીમોટાના પ્રથમ દર્શનનું સદ્ભાગ્ય મને પ્રાપ્ત થયું ત્યારે હું આઠમા ધોરણનો વિદ્યાર્થી હતો. (ઉંમર વર્ષ ૧૩) સવારનો સમય હતો. પિતાશ્રીએ ઈશારાથી પૂજ્યશ્રીની ચરણચંપી કરવાનું કહ્યું અને મેં કરી ! કેટલો સમય તે યાદ નથી. (હવે થોડું વિષયાંતર થશે પણ ઉપરની હકીકતની પૂર્ણતા માટે જરૂરી છે.)

૧૯૭૦-૭૧ પછી મને સ્વપ્ન આવવા લાગ્યા. જેમાંનું એક સ્વપ્ન તો વારંવાર આવતું, વર્ષમાં એકવાર તો ખરું જ ! આશ્ચર્યની વાત તો એ હતી કે મને આવતા તમામ સ્વપ્ન સાચા પડતાં. ઉ.ત. એકવાર કાશી કે બનારસની એક સાંકડી ગલીમાં એક હાથીએ એક બાળકીને પગ તળે કચડી કાઢી ! બીજા જ દિવસે અક્ષરશઃ આ ઘટના ગુજરાત સમાચારમાં છપાઈ હતી ! આટલી ભૂમિકા પછી મને ૧૯૭૦-૭૧થી સતત આવતું રહેલ સ્વપ્નની વાત !

હું ભાગતો ફરું છું કારણ કે મારી પાછળ ‘મારાઓ’ પડ્યા છે. ખૂબ જ ડરેલો હું એક જંગલમાં જઈ ચઢું છું, ઘનઘોર અગાઢ જંગલમાંથી હાથમાં ફાનસ લઈ એક દેવી મને મળે છે. જે મને દોરીને બહાર કાઢે છે. ત્યાં, રણપ્રદેશ ! એક બાંકડા ઉપર બેસું છું, ઊંટોની વણઝાર - હારમાળા દેખું છું. પાછા ‘મારા’ આવે છે. જીવ બચાવવા પાછો દોડું છું. એક નદી આવે છે. સામા કિનારે એક કબર (જેવું) દેખાય છે. અગરબત્તી સળગે છે, એક શ્વાસે નદી પાર કરી ત્યાં કબર પાસે બેસી પડું છું. શાંતિનો અહેસાસ થાય છે. સ્વપ્ન પૂરું થાય છે. જાગી જાઉં છું.

**સદ્ગુરુની કળા :**

સને ૧૯૯૯માં મૌનમંદિરનો લાભ લીધો. પૂજ્યશ્રીનો અક્ષરદેહ વાંચ્યો અને જાણે કે ૧૯૭૦થી આવતાં સ્વપ્નોની કડીઓ મળતી ગઈ. સદ્ગુરુની ચરણચંપીથી મારા જેવા નીચલા થરના સાધકની ચેતના જાગ્રત થઈ હશે. એટલે સ્વપ્ન આવતાં ગયાં - સાચાં પડતાં ગયાં - પૂજ્યશ્રીએ સતત આંદોલનો દ્વારા - સ્વપ્નના માધ્યમથી મૌનમંદિરમાં બેસવાનો સંકેત કર્યા જ કર્યો. પણ હું અબુધ, અજ્ઞાની સ્વપ્નના સંકેતને સમજી ના શક્યો. એલ.આઈ.સી.માં નોકરી મળ્યા પછી જૂના ડીસાના બાંકડા પાસે (૧૯૮૧-૮૨)માં ઊંટોની વણઝાર જોઈ છળી ઊઠેલો. નદી તે શેઢી. કબર તે હાલનો મૌન મંદિરનો ઓટલો. શ્રીસદ્ગુરુએ ૩૦ વર્ષ પછી સંકલ્પ ફળાવ્યો.

૧૯૭૦ થી ૧૯૯૯ દરમ્યાન શ્રીસદ્ગુરુનો સાથ છૂટી ગયેલો. કારણ કૉલેજ, યુવાવસ્થાના વિચારો એટલું જ નહિ પરંતુ પૂજ્યશ્રીએ દેહ ત્યાગ કર્યો ત્યારે બોલી ઊઠેલો - ચાલો, એક

સાધુ ઓછો થયો 'જોકે મારે બહુ મોટી કિંમત (મારા શરીર પર) ચૂકવવી પડેલી. ચેતનાનિષ્ઠ માટેનું નકારાત્મક કથન-વલણ વદતોવ્યાઘાતરૂપે પાછું ફરી પેલાના શરીરમાં તોફાન મચાવે છે.'

પૂજ્યશ્રીએ સ્વપ્નના આકર્ષણથી મને પથ પર મૂક્યો ત્યારે 'મોડું થઈ ગયા'ની લાગણીથી મૌનરૂમમાં સતત રડતો જ રહેલો. રડતો જ રહેલો. (કારણ ૧૯૭૦ થી ૧૯૭૬ દરમ્યાન શ્રીસદ્‌ગુરુનો લાભ ના લઈ શક્યો.)

પરંતુ ત્યારથી ૧૯૯૯થી શ્રીસદ્‌ગુરુની અપાર કરુણા મારા પર અવિરત વરસી રહી છે. 'છેટો ન પડી જાઉં' એટલે મૌન મંદિરમાં જુદા જુદા ચમત્કારો બતાવી - આકર્ષણ કરાવી બેસાડ્યા જ કરે છે. અત્યાર, સુધીમાં મારા બાર વખતના મૌન મંદિરના નિવાસ વેળાએ અવનવી 'ભેટો' આપ્યા જ કરી છે. (મા. શ્રી પ્રભુદાસભાઈ જાની સાહેબ, શ્રી પંડ્યા સાહેબને આ બનાવોની જાણ છે.)

**મારો ગદ્‌ગદ્ પોકાર - શ્રી સદ્‌ગુરુએ મંજૂર કર્યો :**

મારા માતૃશ્રી શારદાબહેન રણછોડરાયના પાકાં ભક્ત. અનેક વારની ડાકોરની પદયાત્રાઓ તો ઠીક પરંતુ ચિનાઈવાળા કુટુંબમાં - ડાકોરના ભારત ભુવનમાં કૃષ્ણભક્તિ કરતા. કૃષ્ણ બનતા, રાધા બનતા ! રાતોની રાતો ભાવાવેશમાં કાઢતા. અમારા સમાજમાં શારદાબહેન તરીકે ઓછા અને ભક્તાણી તરીકે વધુ ઓળખાતાં. કનૈયાનાં ભજનો તો એવી લાગણીથી ગાય કે શ્રોતાઓ ડૂસકાં ભરે ! ખરા ભજનાનંદી હતા.

તા. ૧૫-૧-૨૦૦૬ના રોજ એમને લકવો થયો. અવાચક નજર, શરીરની પીડા મારાથી જોવાય નહિ. સુરત ખાતેના રામનવમીના એપ્રિલ ૨૦૦૬ના ઉત્સવમાં તા. ૨૩-૪-૨૦૦૬ રવિવારની વહેલી સવારે ત્રણ વાગ્યે પૂજ્યશ્રીના ફોટા પાસે ગદ્‌ગદ્‌કંઠે પોકાર પાડ્યો. જેણે આખી જિંદગી રણછોડરાયની સેવા - ભજનો આદિમાં કાઢી છે તેની આ દશા. ગુરુ આપ કંઈક કરો. સહસા મને પૂજ્યશ્રીનો ફોટો ઊંધો થયેલો જણાયો. મને લાગ્યું કે ગુરુએ પ્રાર્થના સ્વીકારી લીધી છે. ભગત હવે ઝાઝું નહિ કાઢે. હું નીકળ્યો ત્યારે તો માતૃશ્રી સ્વસ્થ હતા. રવિવારે રાત્રે ઘેર પહોંચ્યો. બે દિવસ પછી તા. ૨૬-૪-૨૦૦૬ના રોજ એલ.આઈ.સી.ની કચેરીમાં મારા એજન્ટો સાથે સાંજે ૪-૦૦ કલાકે બેઠકમાં (મિટિંગમાં) હતો અને એકાએક મને અંતરમાં કોઈ સ્ત્રીનો પોકાર સંભળાયો. 'દોડ ! બેસી શું રહ્યો છે ? તારી મા મરવા પડી છે' મારતે સ્કૂટરે હું મારા વચેટ ભાઈને નિવાસસ્થાને (માતૃશ્રી ત્યાં હતાં) ત્યાં પહોંચ્યો. સાચે જ છેલ્લા શ્વાસ ચાલતા હતા. થોડા કલાક પછી પ્રાણપંખેરું ઊડી ગયું.

શ્રીસદ્‌ગુરુને પોકાર પાડ્યાના ત્રણ દિવસમાં જ મારી માતાએ જીવનલીલા સંકેલી લીધી.

**યાદ આવે છે શ્રીસદ્‌ગુરુની ગઝલ :**

*એ જેવો વળગેલો રહે, તેવું તો કોઈથી કદી વળગી ના શકાતું છે,*

*કેવો દ્રઢ દિલથી ! આપણે જઈએ ભૂલી, કિંતુ તે નથી ભૂલતો,*

*એ નો સંબંધ જીવતો અખંડ, અકબંધ શો !*

'ઝીણાકાકા સાથે વાર્તાલાપ', પ્ર.આ. પૃ. ૧૬૯-૧૭૦ ❑

# (૧૦) 'જીવન'ને લીધે શરીર છે

**શ્રીમોટા**

આપણું શરીર બગડે છે ત્યારે તત્કાળ જાગૃત થઈ જઈએ છીએ. શરીરને એવું ને એવું બગડેલું રાખતા નથી. તરત વૈદ્ય પાસે જઈએ છીએ. પણ શરીર જેના વિશે કરીને છે, એવું આ જે જીવન છે, તેના વિશે કોઈ દરકાર કરતા નથી.

જીવન બગડે છે કે સુધરે છે એના વિશે પણ કોઈ વિચાર કરતા નથી. એ જીવન વિશેનું આપણને ભાન નથી કારણ કે જીવનનું મહત્ત્વ આપણે સમજ્યાં નથી, ત્યારે આ કાળ એવો છે કે આ ભાષણિયો કાળ છે. મેં ભીખુકાકાને કહ્યું કે, આપણે પ્રવચનો તો ઘણાં ઠોક્યાં. તો તેઓ કહે, 'હા મોટા, આજ સુધીમાં ઘણાં પ્રવચનો થયાં.' તો એની તો કશી અસર નથી. પણ હું આ પ્રવચન કરું છું, તે તમારાં દર્શન કરવા માટે જ. નહિતર આ કોઈક વાર તમે આવો અને પછી રામ તારી માયા. તો બધાના ચહેરાનાં દર્શન થાય એવી લાલચ છે, એટલા માટે બોલું છું.

ત્યારે આ જીવન વિશે આપણે કોઈ કશો વિચાર, કશી દરકાર કરતાં નથી. બુદ્ધિથી તો સમજાય કે **જીવનને લીધે આ શરીર છે.** એ વાત સાચી, પણ માત્ર બુદ્ધિથી સમજેલું ખપમાં નથી લાગતું. એ તો આકડાના રૂની જેમ વા વાય અને ઊડી જાય તેમ માત્ર બુદ્ધિનું સમજેલું ટકે નહિ.

ખોરાક ખાઈએ અને પચે તો એમાંથી લોહી બને અને એમાંથી જ સાત ધાતુઓ - રસ, રક્ત, માંસ, મેદ, અસ્થિ, મજ્જા અને શુક્ર થાય. પણ જો ખોરાક પચે નહિ તો નકામું. તેમ આ જ્ઞાન પણ પચેલું હોય તો જ ખપનું. આ જીવન વિશે અને ધર્મ વિશે પણ આપણને બિલકુલ ખ્યાલ નથી. માત્ર ઘીનો દીવો કરીએ કે પાંચ માળા ફેરવીએ એ ધર્મ નથી. એ તો ઢોંગ છે. એ છોડી દો તો ઘી બચશે. આપણે બધાંને છેતરીએ પણ ભગવાનને નહિ છેતરી શકીએ.

ભગવાન માટે ગરજ કે તાલાવેલી ન જાગે ત્યાં સુધી કશું ન થાય. અનેક જન્મોના સંસ્કારો આપણામાં Accumulate (સંચય-એકત્રિત) થયા હોય છે. એમાંના સારા સંસ્કારો જો જાગે તો કાંઈ થાય. આ જન્મનો પ્રયત્ન શું નકામો જવાનો? એવો પ્રશ્ન થાય. તો હું કહું છું કે નકામો તો નહિ જાય, પણ જો પ્રેમભક્તિપૂર્વક કોઈ પણ કાર્ય કરીએ તો એ ફળે છે. ખરેખરી દિલની ભાવનાથી થાય તો એ વહેલો ફળે છે. લગાતાર સાધનામાં રહ્યા કરીએ અને ભગવાનનું સતત સ્મરણ કર્યા કરીએ તો ઠીક. સંતસમાગમ થાય તોપણ સારું. સંત કબીરે ગાયેલું કે **'સંતો જાગતા નર સેવીએ'** આપમેળે, સહજમેળે સંબંધ થઈ જાય ત્યારે સમજાય.

આપણે તો બસ એની સંતપુરુષની જ સોબત કરો. તો એમાંથી જીવનમાં બહુ મોટો લાભ થશે. મનને શાંતિ મળશે. કોયડા, ગૂંચ, વિઘ્નો હોય તો તેમાં પણ મનને શાંતિ મળશે.

આપણાં ત્રણ શરીર છે. (૧) સ્થૂળ, (૨) સૂક્ષ્મ અને (૩) કારણ. સ્થૂળ શરીરના ચિત્તમાં પ્રકૃતિના સંસ્કારો ગ્રહણ થાય છે. સૂક્ષ્મ શરીરમાં

ભાવનાના દ્વંદ્વાતીત અને ગુણાતીતના સંસ્કાર ગ્રહણ થાય છે. તે જ્યારે નવું શરીર ધારણ થાય ત્યારે ઉદય વર્તમાન થાય. આ જન્મે તો તે સંસ્કાર ન જાગે પણ આવતા જન્મે એ સંસ્કાર જરૂર ઉદય વર્તમાન થાય.

હાઈડ્રોજનના બે પરમાણુઓ અને ઑક્સિજનનો એક પરમાણુ-એ બંને મળીને પાણી થાય એમ વિજ્ઞાને સાબિત કર્યું છે. તેવી જ રીતે આ પણ સત્ય છે.

આ સત્સંગ બહુ મોટી વાત છે. સત્સંગની ભાવનાની સમાજમાં આવી સમજણ શા માટે છે એ વિશે પણ મેં સંશોધન કરેલું છે. એટલે **'સંતો જાગતા નર સેવીએ'** તો પત્તો વહેલો ખાય.

'સ્વજનોને સંબોધન', પ્ર.આ. પૃ. ૩૮ ❑

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન/ભેટ

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | જવાહરભાઈ કે. પટેલ (ડુંગરી, તા.જી. વલસાડ) સ્વ. પૂ. માતૃશ્રી ગંગાબહેન કેશવલાલ પટેલની પુણ્યતિથિ નિમિત્તે | સુરત | ૧૫,૦૦૦/- |
| ૨. | ડૉ. વર્ષા બી. મહેતા | ચેન્નાઈ | ૫,૦૦૦/- |
| ૩. | એક સ્વજન | સુરત | ૧,૧૧૧/- |
| ૪. | બળવંતભાઈ ડાહ્યાભાઈ દેસાઈ | રાજકોટ | ૧,૧૧૧/- |
| ૫. | એક સ્વજન | સુરત | ૧,૧૦૦/- |
| ૬. | અનિરુદ્ધભાઈ કાંતિલાલ પટેલ | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૭. | દેવલ પી. જાની | મુંબઈ | ૫૦૧/- |
| ૮. | ગુણવંતભાઈ બી. ભૂંગરિયા | અમદાવાદ | ૫૦૧/- |
| ૯. | એક સ્વજન | સુરત | ૫૦૦/- |
| ૧૦. | ભરતભાઈ હસમુખલાલ જોગી | સુરત | ૫૦૦/- |
| ૧૧. | પૂજા મીનય મહેતા | મુંબઈ | ૨૫૧/- |
| ૧૨. | નિર્મળાબહેન નટવરલાલ વાંકાવાળા | સુરત | ૧૫૦/- |
| ૧૩. | રોહિતભાઈ જાની (શ્રી પંકજભાઈ જાનીના જન્મદિન નિમિત્તે) | મુંબઈ | ૧૦૧/- |
| ૧૪. | રંજનબહેન મનહરભાઈ પટેલ | લવાછા | ૧૦૦/- |

**ઉપરોક્ત સર્વે દાતાઓના અમો ખૂબ ખૂબ આભારી છીએ. - સંપાદક**

# (૧૧) દેહત્યાગ પૂર્વનો અક્ષરદેહ

**શ્રીમોટા**

*[પૂજ્ય શ્રીમોટાએ તા.૨૩-૭-૧૯૭૬ના રોજ આનંદપૂર્વક દેહત્યાગ કર્યો, તે પહેલાં જે લખાણ કરેલાં, તે જુલાઈ માસ નિમિત્તે અત્રે પ્રકાશિત કરાયાં છે - સં.]*

(૧)

જે કોઈને આ અંગે લાગેવળગે છે તેઓ જોગ :-

હું, ચૂનીલાલ આશારામ ભગત ઉર્ફે 'મોટા' રહેવાસી હરિઃૐ આશ્રમ, નડિયાદ. આથી જણાવું છું કે મારી રાજીખુશીથી મારી પોતાની મેળે મારા જડ દેહને છોડવા ઇચ્છુ છું. આ દેહ ઘણા રોગોથી ઘેરાયેલો છે અને હવે લોકકલ્યાણનાં કામમાં આવે તેમ નથી. રોગો મટવાની આશા પણ નથી. એટલે આનંદપૂર્વક શરીર છોડવું તે ઉત્તમ છે. અને તે માટે યોગ્ય પળ લાગશે ત્યારે હું એમ કરી લઈશ.

મારા શરીરનો અગ્નિસંસ્કાર એકાંતમાં શાંત જગાએ, મૃત્યુસ્થળની નજીકમાં કરવો. અને તે પણ આપ છ જણની હાજરીમાં જ કરવો. ઘણાં ભેગાં કરવાં નહિ, તેમ મારા સેવકોને હું ફરમાવું છું.

મારાં અસ્થિને પણ નદીમાં પૂરેપૂરાં પધરાવી દેવાં.

મારા નામનું ઈંટ-ચૂનાનું કોઈ સ્મારક કરવું નહિ. મારા મૃત્યુ નિમિત્તે જે કાંઈ નાણાભંડોળ ભેગું થાય, તેનો ઉપયોગ શાળાના ઓરડા બાંધવામાં કરવો.

તા.૧૯-૭-૧૯૭૬ **ચૂનીલાલ આશારામ ભગત ઉર્ફે 'મોટા'**

(૨)

**-મોટા**

જેમણે જેમણે મને મદદ કરી છે, મારું કામ કર્યું છે. તેમનો તેમનો આભાર માનું છું. ભગવાન તેમનું યશ-કલ્યાણ કરો.

(૩)

અમારાનું અમે છાનું રાખ્યું છે ના, બધું ખુલ્લેખુલ્લું સરળ સરળ રીતે લખેલું. ન લખાયેલું, ન વિદ્વાનોએ, ન કવિઓએ કદી પણ ન લખેલું છે. અમે અમારી મેળે તો કદી ન લખેલું છે. કદી કોઈના કહેવાથી ને પૈસા તેના દેવાથી અમે એનું એમ લખેલું. કદી પણ ગુજરાતી સાહિત્યમાં ન લખાયેલું લખેલું. ('નિમિત્ત, 'શ્રદ્ધા', 'શ્રીસદ્‌ગુરુ', 'ભાવ' 'રાગદ્વેષ', 'સ્વાર્થ') એવું એવું કોઈને ન સૂઝેલું ને ન લખેલું. તેનો જશ મારા પ્રભુને ફાળે જાય. કદી વિચારીને લખ્યું નથી. દરેક કાવ્ય થોડાક વખતમાં લખેલું, ને તે પણ લખાણના પૈસા મળેલા છે ત્યારે.

(૪)

ઉમળકાથી અમે કરેલું છે, નિરાશાને તો અમે સ્વપ્ને ન જાણી છે. આવેલા કામને પૂરા હર્ષથી સ્વીકાર્યું છે. ગુરુમહારાજ હુક્મને આનંદથી પાળ્યો,

(૫)

ગુરુમહારાજ જીવતા પ્રાણી છે એમ નથી. એ તો એમને કે આપણને ખપ પડે, માણસ જેવા થઈ આપણા આગળ થઈને જે તે આપણું ઉકેલી આપે છે. ખરે વખતે ખરા વખતના ભક્તનું ન અટકી રાખે છે. નિજના ભક્તનું કામ કદી પણ ન અટકાવે છે.

**'પદની રજધૂલિકાનો પ્રતાપ' પ્ર.આ.માંથી સાભાર સંકલન**

*[સ્વજનોનો વિશાળ વર્ગ ઉપરોક્ત વિગતોથી તેમ જ દેહત્યાગ સમયે છ જણની હાજરી અંગે અને અંતિમ અગ્નિસંસ્કાર વિશે જાણકાર તો છે જ, છતા 'હરિભાવ' પરિવારના કેટલાકને પૂર્ણ ખ્યાલ ન હોવાની શક્યતાને ધ્યાનમાં રાખી, એ છ સ્વજનો આ મુજબ હતાં. (૧) શ્રી નંદુભાઈ (૨) શ્રી રમણભાઈ અમીન (૩) શ્રીમતી ધીરજબહેન અમીન (૪) શ્રી રામભાઈ પટેલ (૫) ડૉક્ટર શ્રીમતી કાંતાબહેન પટેલ અને (૬) શ્રી રાજુભાઈ પટેલ. ઉપરોક્ત છ પૈકી પાંચના દેહાંત થયા છે. અને શ્રી રાજુભાઈ પટેલ હાલ અમેરિકા છે.*

*તા. ૨૩-૭-૧૯૭૬ ની સવારે ૬-૧૦ મિનિટે શ્રીમોટાના દેહને અગ્નિસંસ્કાર શ્રી રમણભાઈ અમીનના હસ્તે દેવાયો હતો અને ફરમાન મુજબ અસ્થિ, રાખ વગેરે પાવડાથી ખેંચીને નદીમાં પૂરેપૂરાં પધરાવી દેવાયાં હતાં. ઘીનો દીવો, અગરબત્તી કે સુખડના કાષ્ઠ વિના લાકડાંની ચિતા ગોઠવવામાં આવી હતી. -સં.]* ❑

---

**અનુસંધાન પેજ નં. ૪ નું ચાલુ**

સઘળું છે મનનું એ તો કિંતુ ચરણમાં કેશવ !
પ્રેમે લાગે જો ઠરતાં રે,વાર ત્યાં ના કેશવ ! તુજ૦

તારા ઉપકાર બરાબર અર્પી શકું શું ? કેશવ !
તને જાત, જીવન મન સઘળાં રે, સોંપિયાં મેં કેશવ ! તુજ૦

'કેશવચરણકમળે', બી.આ., પૃ. ૩૫,૪૫ (સંકલન) ❑

## દોહરા

શ્રીમોટા

**શ્રાવણે** વરસે છે વૃષા; આછા પલળે ચીર;
જયમ નીતરે રંગ ચીરનો, વહે ઉર ત્યમ સ્નેહ-નીર

**શ્રાવણ** આશામાં ગાળીઓ, ઉર ઉમેદ અપાર;
નાથ વિજોગણી નાર હું, આવે ઉર એ વિચાર.
પ્રીત કરી શેં પરહર્યાં ? મૂકી ઠેલ્યાં શેં ઠેઠ
રહેવાયું નવ ત્યારે બોલું છું, ફાળ પછી છે પેટ.

કહોને પ્રીતમજી શું કરું વલવલે છે પ્રાણ !
જેવી તેવી તમ કિંકરી, પડી છું પાલવ પ્રાણ !
વિશ્વાસે રાખી શું છળવાં ? કરતા કસાઈ કામ;
તોયે ન્યાસી ગણાવ છો, મારા ઉરના આરામ.

'સુખ દેવું ના' શું ચહ્યું, નાખી પાશમાં નાથ !
ભાન ભૂલી હું તનનું નાવ્યું મન પણ સાથ.
વાંક કાઢું હું પ્રીતમનો, નાર મુર્ખ છું, નાથ !
વક્રવદન ત્યાં દોષ હું કાઢું દર્પણ સાથ.

હાથ ગ્રહી તરછોડવાં, છીનવી તરસ્યાથી નીર;
પડાવી લીધો શેં આપેલો હોઠ કોળિયો ખીર ?
આશ અમર મારે દિલડે આવશે કો દી પાસ;
હૈયે ચાંપી મન પ્રેમથી પૂરશે ઉપર આશ.

સંદર્ભ : પ્રાર્થનાંજલિ - 'પૂજ્ય શ્રીમોટાની સાધનાકાળની પ્રાર્થનાઓ'માંથી સાભાર. આ પુસ્તક હવે પ્રગટ થવા જઈ રહ્યું છે. ❑






**ગંગાબહેન કેશવલાલ પટેલ**
ગામ : ડુંગરી, તા. જી. વલસાડ


જેઓને પૂજ્ય શ્રીમોટાએ 'મારો દોસ્તદાર છે' એવું જવાહરભાઈ કે. પટેલ માટે તેમનાં માતુશ્રી ગંગાબહેન કે. પટેલને જણાવેલ, તે સમયની આ તસવીર છે. પૂજ્ય શ્રીમોટા સાથે જવાહરભાઈની મુલાકાત મુંબઈના આર્કિટેક્ટ શ્રી દિનેશભાઈ પાધ્યાએ કરાવેલી. તેઓ પણ સાથે ડાબીબાજુ બેઠેલા જણાય છે.
નીચે મૂકેલ તસવીર તેમનાં 'બા' ગંગાબહેનની છે. આ તસવીર લગભગ ૧૯૬૮-૬૯ માં લેવાઈ હતી.

**- સંપાદક**

**HARIBHAV, JULY, 2023**

" RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2021-2023
Valid upto 31st December - 2023 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to Post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Prepayment of postage No. PMG/NG/004/2021-2023
valid upto 31-12-2023





મને જેમણે જેમણે મને મદદ કરી છે,
મારું કામ કર્યું તેમનો તેમનો આભાર માનું છું.
ભગવાન તેમનું યશ કલ્યાણ કરો.
-મોટા

Printed and Published by SURESHCHANDRA M. VORA on behalf of HARIWANI TRUST and
Printed at Sahitya Mudranalaya pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road,
Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor : SURESHCHANDRA M. VORA   E-mail : hariwanitrust@gmail.com

**If Undelivered Please return to : 'Hariwani Trust'**
B/5, Swastik Apartment, Narayannagar, Paldi,
Ahmedabad - 380 007